RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 208 Dt. 20-11-2024 Page : 08 Price : Rs 3




**Editor :** PRATIPALSINH NARENDRASINH JADEJA, **Publisher, Printer & Owner :** YASHPALSINH JAYCHANDRASINH JADEJA
**Place of Publication :** 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# મહારાષ્ટ્રમાં મહાસંગ્રામ : ૨૮૮ બેઠકો માટે મતદાન

## ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ ગઠબંધન સત્તા જાળવી રાખવાનો પ્રયાસ કરી રહી છે અને મહા વિકાસ અઘાડી (MVA) ગઠબંધન મજબૂત પુનરાગમન કરવાનો કરશે પ્રયાસ : ૨૩મી એ મતગણતરી




નવીદિલ્હી, તા. ૧૯
મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે પ્રચારનો અંત આવ્યો છે, સત્તાધારી ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ ગઠબંધન સત્તા જાળવી રાખવાનો પ્રયાસ કરી રહી છે અને મહા વિકાસ અઘાડી (ખટઅ) ગઠબંધન મજબૂત પુનરાગમન કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. તમામ ૨૮૮ વિધાનસભા બેઠકો માટે ૨૦ નવેમ્બરે મતદાન થશે, જ્યારે મતગણતરી ૨૩ નવેમ્બરે થશે. પ્રચાર દરમિયાન, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, કોંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા તેમજ કેટલાક કેન્દ્રીય પ્રધાનો સહિત અનેક અગ્રણી રાષ્ટ્રીય નેતાઓએ તેમના ઉમેદવારોને સમર્થન મેળવવા માટે રાજ્યભરમાં પ્રવાસ કર્યો હતો.

મહાગઠબંધન, જેમાં ભાજપ, મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના જૂથ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)નો સમાવેશ થાય છે, તે મહિલાઓ માટે ''માઝી લડકી બહુ'' પહેલ જેવા પગલાં માટે દબાણ કરી રહ્યું છે. લોકપ્રિય યોજનાઓ પર આધાર રાખીને તેની સત્તા જાળવી રાખવા માટે. જો કે, ભાજપ દ્વારા ''બતેંગે તો કટંગે'' અને ''એક હૈ તો સરીફ હૈ'' જેવા વિવાદાસ્પદ સૂત્રોના ઉપયોગથી વિરોધ પક્ષોએ આરોપ લગાવ્યો કે શાસક ગઠબંધન મતદારોને ધાર્મિક રૂપમાં ધ્રુવીકરણ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. કોંગ્રેસ, શિવસેના (ઞઇઝ) અને ગઈઙ (શરદ પવારની આગેવાની હેઠળ) બનેલા ખટઅ ગઠબંધનએ આ સૂત્રોની આકરી ટીકા કરી હતી, જ્યારે અજિત પવાર સહિત ભાજપના કેટલાક સાથીઓએ તેમનાથી પોતાને દૂર રાખ્યા હતા.

ગઠબંધનને કુલ ૨૮૮માંથી ૧૪૪ થી ૧૫૨ બેઠકો મળવાની ધારણા છે, જે ચુસ્તપણે લડાયેલી ચૂંટણી સૂચવે છે જે કોઈપણ રીતે જઈ શકે છે. રાજસ્થાનનું ફલોદી સટ્ટાબાજીનું બજાર ભૂતકાળમાં તેની સચોટ આગાહીઓ માટે જાણીતું છે. જો કે, તે આ વર્ષની શરૂઆતમાં રાજસ્થાનમાં બીજેપીના પુનરાગમનની અપેક્ષા રાખવામાં નિષ્ફળ રહી હતી. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર સોમવારે સમાપ્ત થયો, સત્તારૂઢ ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ ગઠબંધન સત્તા જાળવી રાખવા માટે અને મહા વિકાસ અઘાડી (ખટઅ) ગઠબંધન મજબૂત પુનરાગમનની આશા સાથે. તમામ ૨૮૮ વિધાનસભા બેઠકો પર ૨૦ નવેમ્બરે મતદાન થશે અને ૨૩ નવેમ્બરે મતગણતરી થશે. ચૂંટણી પ્રચારમાં નરેન્દ્ર મોદી, અમિત શાહ, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા જેવા અગ્રણી નેતાઓ અને કેટલાક કેન્દ્રીય મંત્રીઓ તેમના ઉમેદવારો માટે મત મેળવવા માટે રાજ્યની મુલાકાત લેતા જોવા મળ્યા હતા. મહાગઠબંધન, જેમાં ભાજપ, મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનો સમાવેશ થાય છે, તે માઝી લડકીબહેન જેવી મહિલાઓ માટેની લોકપ્રિય યોજનાઓ સાથે સત્તા જાળવી રાખવામાં મદદ કરવાની આશા રાખે છે.

### મહાયુતિ અનેક બેઠકો પર રહેશે આગળ

ભાજપના મૂલ્યાંકન મુજબ, શિંદે શિવસેનાના ઉદ્ધવ ઠાકરે જૂથ કરતાં ઘણી બેઠકો પર આગળ હશે, ભાજપના સૂત્રો કહે છે કે ઠાકરેની પાર્ટી છ પક્ષોમાં પાંચમા કે છઠ્ઠા સ્થાને રહેવાની ધારણા છે. ભાજપને લાગે છે કે જ્યારે કોંગ્રેસ અને ઠાકરે બંનેનો સ્ટ્રાઈક રેટ ઓછો હશે, ત્યારે મહા વિકાસ અઘાડીમાં શરદ પવારની પાર્ટી એકમાત્ર ટેકો છે કારણ કે વરિષ્ઠ પવારે તેમની બેઠકો સારી રીતે પસંદ કરી છે અને સારી રીતે ચૂંટણી લડી છે. ભાજપનું મૂલ્યાંકન એ છે કે કોંગ્રેસ અને ઉદ્ધવ ઠાકરેની પાર્ટી વચ્ચે બેઠકોની વહેંચણી નબળી પસંદગીઓ પર આધારિત છે, જે પરિણામોમાં પ્રતિબિંબિત થશે કારણ કે ''કોંગ્રેસ કેટલીક બેઠકો પર લડી રહી છે જે તે સરળતાથી જીતી શકતી નથી ખટઅ કેમ્પ આગળ છે. તે જ સમયે, તે મુદ્દાઓને લઈને મૂંઝવણમાં છે.

# રાજ્ય સરકારનો નિર્ણય : જંત્રીના 10% વસૂલી જમીન કરી શકાશે NA

## હાલ 30 ટકાના દરે વસૂલવામાં આવે છે પ્રીમિયમ : મહેસૂલી સેવા અને કાર્ય પદ્ધતિ સરળતાનો જનહિતકારી અભિગમ : રી-ડેવલોપમેન્ટને વેગ આપવા માટે સરકાર કટિબદ્ધ

રાજકોટ મિરર, તા. ૧૯
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં મહેસૂલી સેવા અને કાર્ય પદ્ધતિને વધુ સરળ બનાવવાના જનહિતકારી અભિગમથી એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્યમાં કોઈ પણ હેતુ માટે અગાઉ ગ.અ. થયેલી જમીનની કોઈપણ દરખાસ્ત પુનઃ હેતુફેર માટે જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂ થાય ત્યારે જો પ્રિમીયમ વસુલાત પાત્ર હોય અને અગાઉના બિનખેતીના નિર્ણય વખતે પ્રિમિયમ વસૂલ કરવાનું રહી ગયું હોય તેવા કિસ્સામાં હાલ આવું પ્રિમીયમ પ્રવર્તમાન જંત્રી દરના ૩૦ ટકા પ્રમાણે વસૂલ કરવાની પ્રથા અમલમાં છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ સંદર્ભમાં સમાજના વિવિધ વર્ગો દ્વારા થયેલી રજૂઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતાં તેમણે મહેસુલ વિભાગને દિશા નિર્દેશો આપ્યા છે.



તદઅનુસાર, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એવો નિર્ણય કર્યો છે કે, ભૂતકાળમાં પ્રતિબંધિત સત્તા પ્રકાર અને નવી અને અવિભાજ્ય શરતની જમીનમાં પ્રિમીયમની રકમ વસુલવાપાત્ર હતી પણ તે રકમ વસુલ લીધા વિના બિનખેતી પરવાનગી આપવામાં આવેલ છે તેવી જમીનમાં હાલના અરજદાર/કબ્જેદાર પાસેથી પ્રવર્તમાન જંત્રી કિંમતના ૧૦% પ્રિમીયમની રકમ વસુલ કરીને રીવાઈઝ્ડ બિનખેતીની પરવાનગી આપવાની રહેશે. એટલું જ નહીં, જે કિસ્સાઓમાં પ્રિમીયમ વસૂલાતનો અગાઉ નિર્ણય થઈ ગયેલો હોય તેવા કિસ્સાઓમાં આ નિર્ણય લાગુ કરવામાં આવશે નહીં. મુખ્યમંત્રીના આ નિર્ણયને પરિણામે રાજ્યમાં રિવાઈઝ્ડ બિન ખેતી પરવાનગીની પ્રક્રિયામાં પારદર્શિતા તથા ત્વરિતતા આવશે તેમજ રિડેવલપમેન્ટ પ્રક્રિયાને પણ વેગ મળશે.

જે કિસ્સાઓમાં પ્રિમીયમ વસૂલાતનો અગાઉ નિર્ણય થઈ ગયેલો હોય તેવા કિસ્સાઓમાં આ નિર્ણય લાગુ કરવામાં આવશે નહીં. મુખ્યમંત્રીના આ નિર્ણયને પરિણામે રાજ્યમાં રિવાઈઝ્ડ બિન ખેતી પરવાનગીની પ્રક્રિયામાં પારદર્શિતા અને ત્વરિતતા આવશે.આ સાથે જ રિડેવલપમેન્ટની પ્રોસેસને પણ વેગ મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ સમાજના વિવિધ વર્ગો દ્વારા થયેલી રજૂઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતાં મુખ્યપ્રધાને મહેસુલ વિભાગને આ નિર્દેશ આપ્યા છે. આ ઉપરાંત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એવો નિર્ણય કર્યો છે કે, ભૂતકાળમાં પ્રતિબંધિત સત્તા પ્રકાર અને નવી અને અવિભાજ્ય શરતની જમીનમાં પ્રિમીયમની રકમ વસુલવાપાત્ર હતી પણ તે રકમ વસુલ લીધા વગર બિનખેતીની પરવાનગી આપવામાં આવેલી છે, તેવી જમીનમાં હાલના અરજદાર અને કબ્જેદાર પાસેથી હાલની જંત્રી કિંમતના ૧૦ ટકા પ્રિમીયમની રકમ વસુલ કરીને રીવાઈઝ્ડ બિન ખેતીની પરવાનગી અપાશે.

### પૈસાની વહેંચણીના આરોપોને લઈને હોબાળો : ચૂંટણી પંચની લાલ આંખ

# BJP રાષ્ટ્રીય મહાસચિવ વિનોદ તાવડે પર FIR



નવીદિલ્હી, તા. ૧૯
મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મતદાન પહેલા જ ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ વિનોદ તાવડે પર પૈસાની વહેંચણીના આરોપોને લઈને હોબાળો મચી ગયો છે. મહારાષ્ટ્રથી લઈને દિલ્હી સુધી વિપક્ષી દળોએ આ મામલે ભાજપ પર પ્રહારો કર્યા છે. આ ઘટના મતદાનના એક દિવસ પહેલા બની હોવાથી ભાજપને આશંકા છે કે તેની અસર મતદાન પર પડી શકે છે. ચૂંટણી પંચે પણ આ મામલે એફઆઈઆર નોંધી છે. એવો આરોપ છે કે વિનોદ તાવડેની જે થેલીમાં ૫ કરોડ રૂપિયાની રોકડ હતી.

આ સમગ્ર વિવાદ વચ્ચે એ જાણવું અગત્યનું રહેશે કે વિનોદ તાવડે કોણ છે, પાર્ટીમાં તેમનું કદ શું છે અને તેઓ કયા હોદ્દા પર રહ્યા છે. છેલ્લા બે વર્ષમાં, તાવડે દિલ્હીમાં બીજેપી હેડક્વાર્ટરમાં મહત્વપૂર્ણ પ્રેસ કોન્ફરન્સમાં હાજરી આપી રહ્યા છે અને ટીવી ચેનલો પર ભાજપના અગ્રણી ચહેરા તરીકે ઉભરી આવ્યા છે. તેમની ગણતરી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના વિશ્વાસુ નેતાઓમાં થાય છે. તાવડે સંગઠનમાં સામેલ હોવાનું કહેવાય છે.

વિનોદ તાવડેનો જન્મ ૨૦ જુલાઈ, ૧૯૬૩ના રોજ મુંબઈના ગિરગાંવ વિસ્તારમાં એક મરાઠી પરિવારમાં થયો હતો. તેણે પારલે કોલેજમાંથી અભ્યાસ કર્યો. વિનોદ તાવડેએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિદ્યાર્થી સંગઠન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (અઇટઙ)માં જોડાઈને પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી. તેઓ મુંબઈમાં એબીવીપીના વડા રહ્યા અને આ દરમિયાન તેમણે તમામ જવાબદારીઓ નિભાવી અને સંગઠનને પણ મજબૂત કર્યું ૧૯૯૫માં વિનોદ તાવડેને પાર્ટીના મહારાષ્ટ્ર એકમના મહાસચિવ બનાવવામાં આવ્યા ત્યારે તેમને મોટું રાજકીય પ્રમોશન મળ્યું. ૧૯૯૯માં વિનોદ તાવડે મુંબઈ ભાજપના સૌથી યુવા અધ્યક્ષ બન્યા હતા. વર્ષ ૨૦૦૨માં તેમને ફરીથી મહારાષ્ટ્રમાં પાર્ટીના મહાસચિવની જવાબદારી સોંપવામાં આવી અને તેઓ લાંબા સમય સુધી આ પદ પર રહ્યા.

# એક દસકામાં નક્સલી વિસ્તારોમાં હિંસા ૭૦% ઘટી : અમિત શાહ

## આગામી દાયકા ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલીને વિશ્વમાં સૌથી વધુ વૈજ્ઞાનિક અને ઝડપી બનાવવાશે



ગાંધીનગર, તા. ૧૯
કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે મંગળવારે કહ્યું કે કેન્દ્રમાં ભાજપની આગેવાનીવાળી સરકાર છેલ્લા ૧૦ વર્ષમાં જમ્મુ અને કાશ્મીર, પૂર્વોત્તર અને નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં હિંસા ૭૦ ટકા ઘટાડવામાં સફળ રહી છે. અહીં નેશનલ ડિફેન્સ યુનિવર્સિટી ખાતે ૫૦મી અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન પરિષદના ઉદ્ઘાટન સમારોહમાં બોલતા, તેમણે કહ્યું કે આગામી દાયકા ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલીને વિશ્વમાં સૌથી વધુ વૈજ્ઞાનિક અને ઝડપી બનાવવા જઈ રહ્યો છે.

ઘણા વર્ષોથી, ત્રણ પ્રદેશો ખૂબ જ અશાંત માનવામાં આવતા હતા - કાશ્મીર, ઉત્તર-પૂર્વ અને નક્સલ પ્રભાવિત વિસ્તારો. અમે ત્રણેય ક્ષેત્રોમાં સુરક્ષામાં નોંધપાત્ર સુધારા કર્યા છે. શાહે કહ્યું કે પાછલા ૧૦ વર્ષના ડેટાની તુલના પાછલા સમયગાળા સાથે કરીએ તો એ દર્શાવે છે કે અમે હિંસા ૭૦ ટકા ઘટાડવામાં સફળ રહ્યા છીએ.

તેમણે કહ્યું કે ત્રણ નવા ફોજદારી કાયદા લાગુ થવાથી દેશના કોઈપણ પોલીસ સ્ટેશનમાં FIR નોંધાયાના ત્રણ વર્ષમાં લોકોને સુપ્રીમ કોર્ટમાંથી ન્યાય મળશે.ત્રણ નવા ફોજદારી કાયદા - ભારતીય ન્યાય સંહિતા (ઇગજ), ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા (BNSS) અને ભારતીય પુરાવા અધિનિયમ (BSA) - એ બ્રિટિશ યુગના ભારતીય દંડ સંહિતા (IPC), કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર (CrPC) અને ભારતીય પુરાવા અધિનિયમ, અનુક્રમે આ વર્ષે ૧ જુલાઈથી અમલમાં છે.

zenith HOLIDAYS
SINCE 1997



TIME TO
Travel
Start your adventure with us.
Goa, Rann Utsav, Kerala, Thailand, Dubai, Vietnam .... Many more

Book Now!
9240233230
www.zenithholidays.com
web@zenithholidays.com

65 BRANCHES IN INDIA | 1500+ TEAM MEMBERS | 30 LAC+ HAPPY CUSTOMERS | 12 INTERNATIONAL BRANCHES

### રાજ્યમાં કથળી રહેલી કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિને કારણે લોકોમાં ચિંતાનો માહોલ

# બૂટલેગરો બેફામ બન્યાઃ એક યુવાનની હત્યા, બીજો ગંભીર

## દારૂ વેંચાતો હોવાની અરજી કર્યાનો ખાર રાખી તૂટી પડ્યાઃ ગમે ત્યારે સરાજાહેર બની જાય છે હત્યાની ઘટનાઓ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૯**

રાજ્યમાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ વણસી હોય તેમ ગમે ત્યારે ગમે તેની સરાજાહેર હત્યા થઇ જાય છે. વડોદરામાં પુર્વ કોર્પોરેટરના પુત્રની પોલીસની હાજરીમાં હત્યા થઇ ગઇ તો બીજી તરફ અમદાવાદમાં પણ બુટલેગરોએ એક યુવાનને પતાવી દીધો છે, બીજાની હાલત ગંભીર છે. દારૂ વેંચાતો હોવાની અરજી કરવામાં આવી હોઇ તેનો ખાર રાખી આ હત્યા થઇ હતી. આ ઘટનાને પગલે મૃતકના પરિવારજનો તથા બીજા રહેવાસીઓએ પોલીસ સ્ટેશનને ઘેરાવ કરી લેતાં સ્થિતિ તંગ થઇ ગઇ હતી. બાદમાં પોલીસ ઇન્સ્પેક્ટરે હવે પછી વિસ્તારમાં એક ટીપુય દારૂ નહિ વેંચાય તેની ખાત્રી આપતાં મામલો થાળે પડ્યો હતો અને મૃતદેહ સ્વીકારાયો હતો.

વિગતો પર નજર કરીએ તો રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ભાંગી પડતાં લોકોની સલામતી સામે સવાલો ઉઠયા છે. રોજબરોજ કોઇને કોઇ ગામ કે શહેરમાં કોઇની ને કોઇની લોથ ઢળી જાય છે. અમુક બનાવો તો સરાજાહેર બની જાય છે, જાણે ખાખીનો ખોફ જ ન હોય એ રીતે ગુનેગારો તૂટી પડતાં હોય છે. અસમાજિક તત્વો પોલીસને પડકાર ફેંકી રહ્યા હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. પોલીસ દાવા કરે છે કે ગુનાખોરી ઘટી છે બીજીતરફ ગુનેગારનો પોલીસનો ડર રહ્યો નથી લૂખ્ખા તત્વો બેફામ બનીને ખુલ્લેઆમ હત્યા કરી રહ્યા છે જેમાં નિર્દોષ લોકો જીવ ગુમાવી રહ્યા હોવાથી સલામતીના દાવાના લીરેલીરા ઉઠયા છે. કાગડાપીઠ વિસ્તારમાં ન્યું કલોથ માર્કેટ પાસે મારામારીની ઘટનાની અદાવતમાં બુટલેગરોએ તલવારથી હુમલો કરતાં એક યુવકનું મોત થયું હતું જ્યારે એક યુવક ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. આ બનાવના ઘેરા પ્રત્યાઘાત પડયા હતા પરિવારજનો અને સ્થાનિક લોકોએ આજે સવારે કાગડાપીઠ પોલીસ સ્ટેશન ઘેરતા વિસ્તારમાં કલાકો સુધી ટ્રાફિક ચક્કાજામ થઇ ગયો હતો. જો કે પોલીસે મુખ્ય આરોપીને પકડી લેતા મામલો થાળે પડયો હતો. આ બનાવ અંગે કાગડાપીઠ પોલીસે ચાર લોકો સામે હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.




વધુ વિગતો જોઇએ તો કાંકરિયા વિસ્તારમાં રહેતા યુવકે કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં ઘોડાસર ખાતે તથા રાયપુર દરવાજા બહાર રહેતા ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી છે કે આરોપીઓ સામે મારામારીની ફરિયાદ નોંધાવી હતી જેની અદાવત રાખીને ગઇકાલે કાગડાપીઠ વિસ્તારમાં ન્યુ ક્લોથ માર્કેટ પાસે આવેલા જયેન્દ્ર પંડિત નગર સફલ-૧ની બાજુમાં ફરિયાદીના ફૂવાના દિકરા તથા તેના મિત્રો સાથે બેઠા હતા. ત્યારે ઘોડાસરમાં રહેતા આરોપીઓ ઝઘડાની અદાવત રાખીને તલવારો સાથે ધસી આવ્યા હતા અને અચાનક જ બે યુવકો ઉપર હુમલો કરીને લોહી લુહાણ કર્યા હતા. અલ્પેશને માથામાં અને કપાળ તથા પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન મોત થયું હતું. જ્યારે બીજો યુવક ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે.

ઘટનાને લઇને લોકો ભેગા થઇ જતા આરોપીઓ ત્યાંથી ભાગી ગયા હતા. બીજીતરફ આજે સવારે પરિવારના સભ્યો તથા સ્થાનિક લોકોએ ન્યાયની માગણી અને આરોપીઓને પકડવા માટે મોટી સંખ્યામાં એકઠા થઇને કાગડાપીઠ પોલીસે સ્ટેશનને ઘેરી લેતા કલાકો સુધી વિસ્તારમાં ટ્રાફિક ચક્કાજામ થઇ ગયો હતો. પોલીસે મુખ્ય આપરોપીની ધરપકડ કરતાં મામલો થાળે પડયો હતો. કાગડાપીઠ વિસ્તારમાં હપ્તાખોર પોલીસના કારણે દારૂની રેલમ છેલ થઇ રહી હતી હોવાથી મૃતક યુવકે દારૂના અડ્ડા બંધ કરાવા માટે પોલીસ સ્ટેશનમાં અરજી આપી હોવાથી તેના ઉપર ઘાતક હુમલો કરીને હત્યા કરી હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો. કાગડાપીઠ વિસ્તારમાં મધરાતે બુટલેગરો તલવાર સહિતના ઘાતક હથિયારો સાથે ધસી આવીને વિસ્તારમાં બાનમાં લઇને ખૂની ખેલ ખેલ્યો હતો.

આ હીચકારા હુમલામાં એક નિર્દોષ યુવકે જીવ ગુમાવ્યો હતો. જેને લઇને સ્થાનિક લોકોમા આક્રોષ વ્યાપી જવા પામ્યો હતો. જેથી આજે મોટી સંખ્યામાં લોકોએ દેખાવો કરીને પોલીસ સ્ટેશન ઘેરી લીધું હતું અને મૃતક યુવકે તાજેતરમાં વિસ્તારમાં વેચાતો દારુ બંધ કરાવવા માટે અરજી કરી હતી જેથી તેની હત્યા કરવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો બીજી તરફ કાગડાપીઠ પોલીસ ઇન્સ્પેકટરે વિસ્તારમાં ટીપુંએ દારુ નહી વેચાય તેવી લેખિતમાં બાંહેધરી આપી હતી જે સોશિયલ મિડિયાંમાં વાયરલ થઇ હતી. વધુ એક નિર્દોષની હત્યાથી ચકચાર મચી ગઇ હતી.

# પાટડીમાં હાઈપ્રોફાઈલ જુગારધામ પર સ્ટેટ મોનીટરીંગ સેલ ત્રાટકી : ૩૦ ઝડપાયા

## પકડાયેલા પત્તાપ્રેમીઓમાં પાંચ મહિલાનો પણ સમાવેશ : દરોડાના પગલે PI અને ત્રણ પોલીસ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરાયા

રાજકોટ મિરર, સુરેન્દ્રનગર તા.૧૯

સુરેન્દ્રનગરના પાટડીમાં ગત મોડી રાત્રીના એક હાઈપ્રોફાઈલ જુગારધામ પર સ્ટેટ મોનીટરીંગ સેલે ત્રાટકી ૫ મહિલા સહીત ૩૦ પત્તાપ્રેમીઓને દબોચી લેતા ચકચાર જાગી હતી. દરોડા સમયે પોલીસે રોકડ ૪.૫૮ લાખ, ૨૬ મોબાઈલ મળી કુલ રૂ.૬.૫૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. બીજીબાજુ મોટા જુગાર દરોડાને પગલે જીલ્લા પોલીસ વડાએ પાટડી પોલીસના પીઆઈ અને ત્રણ પોલીસ કોન્સ્ટેબલ એમ ચારને સસ્પેન્ડ કરી દેતા પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે.

પાટડીના વેલનાથનગરમાં ચાલતા હાઈ પ્રોફાઈલ જુગાર ધામ પર ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલે બાતમીના આધારે અચાનક દરોડો પાડી ૫ મહિલા સહીત કુલ ૩૦ જુગારીઓને રોકડા રૂ. ૪,૫૮,૪૫૦, ત્રણ વાહનો કિંમત રૂ. ૭૫,૦૦૦ અને મોબાઈલ નંગ-૨૬ કિંમત રૂ. ૧,૨૫,૦૦૦ મળી કુલ રૂ. ૬,૫૮,૯૫૦ના મુદામાલ સાથે જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડી આ તમામ જુગારીઓ



વિરુદ્ધ પાટડી પોલીસ મથકે જુગાર અંગેનો ગુન્હો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલના આ દરોડામાં પકડાયેલા ૩૦ જુગારીઓમાં કિરણ ઉર્ફે અલ્પેશ પ્રહલાદભાઈ ઠાકોર (પાટડી), મુકેશ પ્રહલાદભાઈ ઠાકોર (પાટડી), ભરત રમેશભાઈ દેવીપૂજક (પાટડી), રાકેશ શ્યામજીભાઈ ઠાકોર (પાટડી), વાસીમ ઝીલનભાઈ સિપાઈ (સુરેન્દ્રનગર), મીનાજ ઉસ્માનભાઈ નાયક (પાટડી), અમિત દિલીપભાઈ ખખ્ખર (પાટડી), અસ્લમ શબ્બીરભાઈ સિપાઈ (પાટણ), લાલભા ભીખુભા ઝાલા (ઝીંઝુવાડા), ઝાહીર અબ્બાસ દાવલભાઈ બેલીમ (પાટડી), દેવપાલ રાજુભાઈ ઝાલા (દેત્રોજ), નરેશ મંગાભાઈ ઠાકોર (પાટડી), વખતસિંહ ભરતસિંહ સોલંકી (દેત્રોજ), વિજય મનહરભાઈ ભીલ (પાટડી), નિલેશગિરી વિષ્ણુગીરી ગૌસ્વામી (પાટડી), ભાર્ગવ અમૃતલાલ દેકાવડીયા (પાટડી), રસિક છનાભાઈ દેવીપૂજક (પાટડી), લાલભાઈ છનાભાઈ દેવીપૂજક (પાટડી), મોહસીન ઉર્ફે લારા બાબુભાઈ મંડલી (વિરમગામ), સરફરાઝ ઉર્ફે કાલુ હબીબભાઈ ફકીર (વિરમગામ), રામભાઈ ઉર્ફે વિક્રમ જીવાભાઈ ઠાકોર (પાટડી), અરવિંદસિંહ હરિભા મકવાણા (દેત્રોજ), કિરણ મંગાજી ઠાકોર (કડી), રાજુ પોલાભાઈ દેવીપૂજક (પાટડી), રમેશ રાસંગજી ઠાકોર (માંડલ), ખુશ્બુબેન ઉર્ફે કુસુમબેન અશ્વિનભાઇ પરમાર (વિરમગામ), રમીલાબેન ગોપાલભાઈ ઠાકોર (પાટડી), કાંતાબેન મગનભાઈ પરમાર (વિરમગામ), રમીલાબેન નાગરભાઈ પરમાર (વિરમગામ) અને જલીબેન તારાસંગજી ઠાકોર (પાટડી) મળી કુલ ૩૦ જુગારીઓ રોકડા રૂ.૪,૫૮,૪૫૦, ત્રણ વાહનો કિંમત રૂ.૭૫,૦૦૦ અને મોબાઈલ નંગ-૨૬ કિંમત રૂ.૧,૨૫,૦૦૦ મળી કુલ રૂ.૬,૫૮,૯૫૦ના મુદામાલ સાથે જુગાર રમતા રંગે હાથ ઝડાયા હતા,

આ તમામ સામે વિરુદ્ધ પાટડી પોલીસ મથકે જુગાર અંગેનો ગુન્હો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ઘરી છે. ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલના આ દરોડામાં પીએસઆઇ બી. એન. ગોહીલ સાહિતનો પોલીસ સ્ટાફ સાથે હાજર હતો. ત્યારે ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલના આ જુગાર દરોડામાં પાટડી પોલીસ ઉંઘતી ઝડપાઈ હતી. અત્રે એ નોંધનીય છે કે, આ જુગાર ધામ એસીબીના ભાઈના ઘરે ચાલતું હોવાની વિગતો પણ લોકમુખે ચર્ચાઈ રહી છે. ત્યારે આ જુગાર દરોડાથી સમગ્ર સુરેન્દ્રનગર પંથકમાં ચકચાર જાગી છે.

### કોને કરાયા સસ્પેન્ડ ?

પાટડી જુગારધામ ઝડપાયા બાદ પાટડીના પીઆઇ સહીત અન્ય ત્રણ પોલીસ કર્મીઓ સસ્પેન્ડ કરાતા ભારે ચકચાર મચી જવા પામી છે. સસ્પેન્ડ કરાયેલ પોલીસ કર્મચારીઓમાં એમ. કે. ઝાલા – પાટડી પીઆઈ, ગણપતભાઈ ભુરાભાઈ – હેડ કોન્સ્ટેબલ, વિપુલ કાનજીભાઈ – કોન્સ્ટેબલ અને ગૌતમભાઈ કાંતિલાલ – કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે. ગણતરીના કલાકોમાં જ ઉચ્ચ પોલીસ અધિકારીએ પીઆઈ સહીત ચારને સસ્પેન્શનના ફરફરિયાં પકડાવી દીધાની વાતે ચકચાર જગાવી છે.

### આરોપીના રિમાન્ડ નામંજૂર

પાટડી વેલનાથ નગરમાં સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડામાં ૩૦ તાસપ્રેમીઓ ઝડપાયા બાદ આ તપાસ પાટડી પોલીસના બદલે દસાડા પોલીસને સોપાઈ છે. આ કેસમાં દસાડા પોલીસ દ્વારા પકડાયેલા ૩૦ વ્યક્તિઓ પૈકી પાંચ મહિલાઓને બાદ કરતા ૨૫ જુગારીઓને કોર્ટમાં રજુ કરી ૩ દિવસના રિમાન્ડ માંગ્યા હતા. પરંતુ કોર્ટે તમામના રિમાન્ડ નામંજૂર કર્યા હતા.

## MARKET TODAY

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

૧ અશોક બિલ્ડકોન લિ.ને નેશનલ હાઈવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા પાસેથી રૂ.૨,૭૯૧ કરોડના ૨ પ્રોજેક્ટો પ્રાપ્ત થયા છે.

૨ એનબીસીસી (ઈન્ડિયા) લિ.એ જણાવ્યું હતું કે કંપનીને ૭ સ્કૂલોના અપગ્રેડેશન માટે આશરે રૂ.૧૧૨ કરોડના વર્ક ઓર્ડર્સ મળ્યા છે.

૩ આઈટીઆઈ લિ.એ જણાવ્યું હતું કે કંપનીને ઉત્તરાખંડમાં માઈનિંગ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન એન્ડ સર્વેલન્સ સિસ્ટમ માટે રૂ.૯૫ કરોડનો કોન્ટ્રેક્ટ મળ્યો છે.

૪ અપાર ઈન્ડસ્ટ્રીઝ લિ.એ જણાવ્યું છે કે કંપનીના કંડક્ટર ડિવિઝન દ્વારા કોન્ટીન્યુઅસ ટ્રાન્સપોઝ કન્ડક્ટર ની સૂચિત ક્ષમતાને વાર્ષિક ૭,૩૫૦થી વધારીને ૭,૯૮૦ એમટી કરી રહી છે.

૫ એસીએમઈ સોલર હોલ્ડિંગ્સ લિ.ની બોર્ડ મીટિંગ ૨૫ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ મળશે જેમાં ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.




૬ બજાર સ્ટાઈલ રિટેલ લિ.એ જણાવ્યુ છે કે કંપનીએ ૧૯ નવેમ્બર, ૨૦૨૪ના રોજ ખંડગિરી, ભુવનેશ્વર, ઓડિશા સ્થિત સ્ટાઈલ બજારનો નવો સ્ટોર ખોલ્યો છે.

૭ ટાટા એલેક્સી લિ.એ માહિતી આપી હતી કે ટાટા એલેક્સી અને સુઝુકી મોટર કોર્પોરેશને આજે ભારતના પૂણે ખાતે સુઝુકી-ટાટા એલેક્સી ઓફશોર ડેવલપમેન્ટ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યુ છે.

૮ એચસીએલ ટેક્નોલોજીસ લિ.એ જણાવ્યું હતું કે કંપનીના યુનિટ એચસીએલ સોફ્ટવેરે ભારત માટે સીનીયર વાઈસ-પ્રેસિડન્ટ અને કન્ટ્રી હેડ તરીકે વિક્રાંત ચૌધરીની નિમણૂક અંગેની જાહેરાત કરી છે.

૯ વારી એનર્જીસ લિ.ને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૩૭૫.૬૫ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાન ગાળાના અંતે રૂ.૩૨૦.૨૧ કરોડ થયો હતો. કુલ આવક રૂ.૩,૬૬૩.૪૬ કરોડ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૩,૫૫૮.૫૪ કરોડ થઈ હતી.

**IPO UPDATES**

| COMPANY NAME | OPEN | CLOSE | STATUS | OFFER PRICE | LOT | SHARES | AMOUNT ₹ |
|---|---|---|---|---|---|---|---|
| NTPC GREEN ENERGY LIMITED | 19/11 | 22/11 | CURRENT Retail (Min) | 102 - 108 | 1 | 138 | 14,904 |
| | | | Retail (Max) | | 13 | 1794 | 1,93,752 |
| | | | S-HNI (Min) | | 14 | 1932 | 2,08,656 |
| | | | B-HNI (Min) | | 68 | 9384 | 10,13,472 |
| ENVIRO INFRA ENGINEERS LIMITED | 22/11 | 26/11 | UPCOMING Retail (Min) | 140 - 148 | 1 | 101 | 14,948 |
| | | | Retail (Max) | | 13 | 1313 | 1,94,324 |
| | | | S-HNI (Min) | | 14 | 1414 | 2,09,272 |
| | | | B-HNI (Min) | | 67 | 6767 | 10,01,516 |

**SME UPDATES**

| COMPANY NAME | OPEN | CLOSE | STATUS | OFFER PRICE | LOT | AMOUNT |
|---|---|---|---|---|---|---|
| LAMOSAIC INDIA LIMITED | 21/11 | 26/11 | UPCOMING | 200 | 600 | 1,20,000 |
| C2C ADVANCED SYSTEMS LIMITED | 22/11 | 26/11 | UPCOMING | 214 - 226 | 600 | 1,35,600 |
| RAJESH POWER SERVICES LIMITED | 25/11 | 27/11 | UPCOMING | 320 - 335 | 400 | 1,34,000 |
| RAJPUTANA BIODIESEL LIMITED | 26/11 | 28/11 | UPCOMING | 125 - 130 | 1000 | 1,30,000 |

**DISCLAIMER :** અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઇ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પૂરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી

# જય માતાજી ચાઈનીઝ પંજાબી સહિત વિવિધ સ્થળો પર આરોગ્યના દરોડા

## પાંચ કિલો અખાદ્ય જથ્થાનો કરાયો નાશઃ નમુના તપાસ અર્થે લેબોરેટરી મોકલાયા

રાજકોટ, તા. ૧૯

છેલ્લા ઘણા સમયથી આરોગ્ય વિભાગ ફૂડ વિક્રેતા ઉપર તવાય બોલાવી રહી છે ત્યારે મહત્વનું એ છે કે આ સમયગાળા દરમિયાન લોકોની સાથોસાથ જે નીકળતાઓ છે તે પણ સ્વાસ્થ્યનું ધ્યાન રાખે પરંતુ ઘણા ખરા કિસ્સામાં એ શક્ય ન બનતા લોકોનું સ્વાસ્થ્ય જોખમાય છે. હાલ આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈ આરોગ્ય વિભાગ દ્વારા ફરી દરોડા પાડવામાં આવ્યા છે અને તે માટે ખાસ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી છે ત્યારે ગઈકાલે રાજકોટ શહેરમાં ૧૩ થી વધુ જગ્યાઓ પર નરોડા પાડવામાં આવ્યા હતા અને અખાદ્ય થતો નાશ કરવામાં આવ્યો હતો.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન હુન્ડાઇ શોરૂમ પાસે, ૮૦ ફૂટ રોડ, રાજકોટ મુકામે આવેલ ''જય માતાજી ચાઇનીઝ પંજાબી'' પેઢીની તપાસ કરતા સ્થળ પર વેચાણ માટે સંગ્રહ કરેલ વાસી અખાદ્ય મંચુરિયનનો અંદાજીત ૦૫ કિ.ગ્રા. જથ્થો મળી આવતા સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ પેઢીને યોગ્ય સ્ટોરેજ કરવા, તેમજ હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન હોન્ડાઇ શોરૂમ પાસે, ૮૦ ફૂટ રોડ, રાજકોટ મુકામે આવેલ ''સાવરીયા પાઉંભાજી પુલાવ'' પેઢીની તપાસ કરતા સ્થળ પર વેચાણ માટે સંગ્રહ કરેલ વાસી અખાદ્ય પાઉંના પેકડનો અંદાજીત ૦૪ કિ.ગ્રા. જથ્થો મળી આવતા સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ પેઢીને યોગ્ય સ્ટોરેજ કરવા, તેમજ હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ.

ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ઉમિયા ચોક થી બાપસીતારામ ચોક સુધીના તથા કુવાડવા રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૮ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૩ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપી અવેરનેસ ડ્રાઇવ કરવામાં આવેલ. તેમજ ખાધ્યચીજોના કુલ ૨૮ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.



### લાયસન્સ મેળવવા બાબતે નોટિસ

ધોરાજી ગાંઠિયા રથ, યમુના ફરસાણ, ભગવતી શિખંડ, રંગ ડેરી ફાર્મ, સદગુરુ ડેરી ફાર્મ, બાલાજી ઘુઘરા, પટેલ ચાઈનીઝ પંજાબી, નટરાજ પાન, જોકર ગાંઠિયા, શક્તિ કોલ્ડ્રિંક્સ, ક્રિષ્ના પાણીપુરી, મહાકાળી પાણીપુરી, મારવાડી પાણીપુરી.

### ૧૩ જગ્યા પર નમુના આવ્યા ચકાસવામાં

ધારેશ્વર ડેરી ફાર્મ, બ્રાહ્મણી ફરસાણ, મિલન ખમણ અને ખીરુ, શ્રીમંદિર કોલ્ડ્રિંક્સ, ખોડલ ફરસાણ, ખોડીયાર જનરલ સ્ટોર, બાલમુકુંદ ફરસાણ, પટેલ ડાઈનિંગ હોલ, હિમાલય સોડા, ડીએનએસ ડેર્ઝટ, કૈલાશ ભેળ, બજરંગ પાન, ચામુંડા ફરસાણ, ડાયમંડ સિંગ અને ધીરજ ફરસાણ

# રામકથાની પોથીયાત્રાને ભવ્યાતિભવ્ય બનાવવા તડામાર તૈયારી

## પોથીયાત્રામાં સંતો, મહંતો રાજકોટનાં લોકોને દર્શન આપશે : ૨૩મીએ સવારે વિરાણી હાઇસ્કૂલથી આરંભાશે પોથીયાત્રા





રાજકોટ, તા. ૧૯

સદભાવના વૃદ્ધાશ્રમ રાજકોટ દ્વારા વડિલો અને વૃક્ષોના શુભાર્થે વિશ્વસંત પૂ.મોરારિબાપુની વૈશ્વિક રામકથા રાજકોટ રેસકોર્સ મેદાનમાં તા.૨૩ નવેમ્બરથી ૦૧ ડીસેમ્બર દરમિયાન યોજાનાર છે જેની ભવ્ય પોથીયાત્રા તા.૨૩મીએ સવારે રાજકોટમાં ભક્તિભાવ સાથે નીકળશે તે અંગે અતિ ભવ્ય તૈયારી પોથીયાત્રા સમિતિ દ્વારા થઈ રહી છે. પોથીયાત્રામાં મથુરાના ગોકુલ મહાવનમાં આવેલ ઉદાસીન કર્ષની રમણરેતિ આશ્રમનાં વિશ્વ પ્રસિદ્ધ સંત પીઠાધીશ્વર મહામંડલેશ્વર પૂજ્ય સ્વામી ગુરુ શરણાનંદજી મહારાજ, સદભાવના વૃદ્ધાશ્રમનાં માર્ગદર્શક, સંરક્ષક આંતરરાષ્ટ્રીય હિંદુ ધર્મ આચાર્ય સભાનાં કન્વિનર, સેક્રેટરી, ધર્માચાર્ય પ. પૂ પરમાત્માનંદ સરસ્વતીજી, જૈન મુનિ આચાર્ય લોકેશજી સહિતના સંતો, મહંતો રાજકોટનાં લોકોને દર્શન આપશે. પૂજ્ય સ્વામી ગુરુ શરણાનંદજી મહારાજ એક પ્રખ્યાત વિદ્વાન અને શાસ્ત્રોના નિષ્ણાંત છે. તેઓ જ્ઞાન અને ભક્તિના સંગમનું પ્રતીક છે. પૂજ્ય સ્વામી ગુરુ શરણાનંદજી મહારાજ ભગવાન કૃષ્ણની દિવ્ય ભૂમિમાં તેમના આશીર્વાદ અને દર્શન પ્રાપ્ત કરવા માટે પ્રવાસ કરે છે તેવા વિશ્વભરના ભક્તોને જ્ઞાન, આંતરદ્રષ્ટિ, પ્રેરણા અને દૈવી આશીર્વાદ આપે છે. પ્રખર રામાયણી અને જેમના સ્વમુખે આ રામકથા થવાની છે તેવા પ. પૂ. મોરારિ બાપુ પણ પોથીયાત્રાની શરૂઆત સમયે વિરાણી હાઈ સ્કુલ ખાતે ઉપસ્થિત રહી પોથીયાત્રાનો શુભારંભ કરાવશે.

રામકથા પોથીયાત્રા સમિતિના કન્વીનર વિપુલભાઈ પાનેલિયા અને કિશનભાઈ ટિલવાની રાહબરી તળે દિવસ રાત એક કરીને સમિતિના સભ્યો અને સહયોગીઓ પોથીયાત્રાને યાદગાર બનાવવા પ્રયત્નશીલ છે.પોથીયાત્રા સમિતિના સદસ્યો અજયભાઈ રાજાણી, નિતેષભાઈ ચોપડા, મોહિતભાઈ કાલાવડીયા, દિપક કાચા, હુપિલ પટેલ, વસંતભાઈ લીંબાસીયા, સુભાષ ચોપડા, અભિષેકભાઈ મકવાણા,કિશોરભાઈ મકવાણા, નિતિનભાઈ ગૌસ્વામી, પ્રશાંતભાઈ બારોટ, પ્રતિક તળાવિયા, જગદીશભાઈ, સ્મીતાબેન કાપડીયા, વિલાસબેન રૂપારેલીયા, ચંદ્રીકાબેન ચોવડી, રશ્મીબેન નોઘણવદરા, રશ્મીબેન કાપડીયા, મધુબેન ચોવટીયા, જોશનાબેન પટેલ, કિરણબેન માકડીયા, રશ્મીબેન કાપડીયા, માધવીબેન રાજાણી, બિનાબેન કોટક, કિરણબેન હરસોડા, દેવીકાબેન રાવલ, સેજલબેન ચૌધરી, હિનાબેન ગોહિલ, મયુરીબેન ભાલાળા અને દિવ્યાબેન ઉમરાણીયા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

તા.૨૩મી એ સવારે ૦૮:૩૦ કલાકે વિરાણી હાઇસ્કૂલ ખાતેથી પોથીયાત્રાનો શુભારંભ થશે. પોથી યાત્રામાં હજારો બહેનો રામચરિત માનસની પોથી પોતાના મસ્તક પર ધારણ કરશે સાથે ડી.જે.બેન્ડવાજા,ખૂલી જીપો હાથી,વગેરે પોથી યાત્રામાં જોડાશે.વળી હનુમાનજી સ્વરૂપ, દેવી દેવતાઓ સ્વરૂપ, બાહુબલી સ્વરૂપ, વાનર સ્વરૂપ વગેરેના ફ્લોટસ પણ પોથીયાત્રામાં જોડાશે અને નાસિકના ઢોલ દ્વારા વાતાવરણને દિવ્ય બનાવવામાં આવશે.અભૂતપૂર્વ એવી આ પોથી યાત્રા રાજકોટ મહાનગરના મુખ્ય માર્ગો ઉપર પરિભ્રમણ કરશે અને રામકથા સ્થળ (રેસકોર્સ) ખાતે વિરામ પામશે. નગરજનોને પોથી યાત્રાના દર્શનનો લાભ લેવા સમિતિએ અપીલ કરી છે.

પૂ. મોરારિ બાપુની વૈશ્વિક રામકથા માનસ સદભાવના અનેક રીતે વિશેષ બનવાની છે , અનેક વિશેષતા પૈકીની એક વિશેષ વ્યવસ્થા એટલે શહેરના અગ્રગણ્ય તબીબોની ટીમ દ્વારા કથા દરમિયાન ખડે પગે રહેનાર ઈમરજન્સી તબીબી સેવા-સારવાર. કથા મંડપમાં કમનસીબે કોઈને જો ઈમર્જન્સી સારવારની જરુરુ પડે તો હજારો શ્રોતાઓ વચ્ચે માત્ર ૧ થી દોઢ જ મિનિટમાં અસરગ્રસ્ત સુધી પહોંચી ઈમરજન્સી સારવાર મળી શકે તેવું અદભુત આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગે સિનર્જી હોસ્પિટલના ડો. જયેશ ડોબરિયાએ જણાવ્યું હતું કે, કથાના ૯ દિવસ દરમયાન ડોક્ટર્સ , નર્સિંગ તેમજ પેરામેડિકલ સહીત ૧૦૦ વ્યક્તિની ટીમ સ્ટાફ, વોકીટોકી સહિતની સુવિધા સાથે ઈમરજન્સી સારવાર માટે સજ્જ રહેશે. ડો. જયેશ ડોબરિયા ઉપરાંત સ્ટર્લિંગ હોસ્પિટલના ડો. સંકલ્પ વણઝારા, ગોકુલ હોસ્પિટલના ડો. તેજસ કરમટા, ગિરિરાજ હોસ્પિટલના ડો. મયંક ઠક્કર, મેડીકેર હોસ્પિટલના ડો.અંકુર વરસાણી તેમજ શહેરના નામી સુપર સ્પેસ્યાલીસ્ટ ડોક્ટર્સ અને ફેમિલી ફીજીશ્યન્સ ડોક્ટર્સની સેવા માનસ સદભાવના રામકથા દરમિયાન સેવા માટે હાજર હશે. આ વ્યવસ્થા ઈમરજન્સી સારવાર માટે છે મેડિકલ કેમ્પ નથી.

ઉપરોક્ત તમામ તબીબો સાથે તેમની પેરા મેડિકલ ટીમ પણ જોડાશે, એટલું જ નહિ કથા સ્થળે આ માટે એક અલાયદી જગ્યા ફાળવવામાં આવી છે , તા.૨૩ થી સવારે ૯ થી બપોરે ૧.૩૦ સુધી આ સ્થળે ઈમરજન્સી સેવા ઉપલબ્ધ હશે, આ સ્થળે એક હોસ્પિટલ જેટલી જ માળખાગત સુવિધા અને સાધનો પણ રાખવામાં આવશે જેમાં ૪ થી ૫ બેડ , ઈમરજન્સી ટ્રોલી , ડીપ બ્રીધીંગ મશીન, કાર્ડિયોગ્રાફી, પ્લાસ્ટર કરી શકાય તેવા સાધનોનો સમાવેશ થાય છે.હજારો લોકોની વચ્ચે જઈને સારવાર આપી શકાય તે માટે મોબાઈલ ડોકટર્સની ટીમ ખડે પગે રહેશે. જયારે લાખો કે હજારો લોકોનો સમૂહ એકત્ર થવાનો હોય ત્યારે આ પ્રકારની વ્યવસ્થા કરવાનું કૌશલ્ય આ સમગ્ર તબીબી ટીમનું હોવાનું ડો.ડોબરિયાએ જણાવી અગાઉ પણ આ પ્રકારનાં ધાર્મિક પ્રસંગમાં ૨૦ હજારની મેદની વખતે સેવા સારવાર આપી હોવાનો ઉલ્લેખ કર્યો હતો.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# લોહીનો સંબંધ

## આરોગ્ય ક્ષેત્રની સકારાત્મક ઘટના સિવિલમાં ડોકટરે દર્દીને રક્ત આપ્યું



સમાજમાં મીડિયા જગતની મોટી ભૂમિકા હોય છે, પરંતુ વર્તમાનમાં મોટાભાગના મીડિયા નૈતિક જવાબદારી ચૂકી રહ્યા છે. અખબારોના પાના અને ન્યુઝ ચેનલોના પડદા સતત નેગેટીવ ઘટનાઓ જ દર્શાવે છે. આ ઘટનાઓ દર્શાવવી જ જોઈએ, પણ સમાજમાં સકારાત્મક ઘટનાઓ પણ સતત બની રહી છે, તેને પણ મીડિયામાં સ્થાન મળવું જોઈએ.

ખ્યાતી હોસ્પિટલના કાંડ બાદ ગુજરાતભરમાં મીડિયામાં આરોગ્ય ક્ષેત્રના નેગેટીવ ન્યુઝ છવાયેલા છે. આરોગ્ય ક્ષેત્રે બધા જ ખરાબ નથી હોતા. વખાણવા જેવું ઓછું છે, પણ તેને વખાણવું જરૂરી છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલનું નામ આવે એટલે મનમાં સારા વાઈબ્રેશન્સ ઉઠતા નથી, પણ આ હોસ્પિટલમાં તાજેતરમાં બનેલી ઘટના મનને ખુશ કરવા સક્ષમ છે. હાલ હોસ્પિટલમાં રક્તની અછત છે. થેલેસેમિયાના દર્દીઓને અનિવાર્યપણે રક્ત ચઢાવવું પડે છે. દર્દીઓની જરૂરીયાતને ધ્યાનેમાં રાખીને તાજેતરમાં સિવિલ હોસ્પિટલ હોસ્પિટલના તબીબો સહીત સ્ટાફના ૧૦૦ લોકોએ રક્તદાન કર્યું હતું.

આ ઘટનાને મીડિયામાં પૂરતું પ્રાધાન્ય અપાયું નથી. સિવિલ હોસ્પિટલની નાનકડી ભૂલને પણ ઝાટકણી કાઢીને મીડિયા ગુજરાતભરમાં પ્રકાશિત કરી દે છે. સિવિલમાં કૈંક સારૂ બને તો તેને પૂરતું પ્રાધાન્ય અપાતું નથી.

દર્દીઓ માટે રક્તની વ્યવસ્થા કરવી એ દર્દીના સ્વજનો કે બ્લડ બેન્કનું કામ છે. તબીબો કે મેડીકલ સ્ટાફની આ જવાબદારી હોતી નથી. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં માનવતા અને નૈતિકતાનાં આધારે તબીબો-સ્ટાફ રક્તદાન કરે એ પ્રસંશનીય ઘટના ગણાય. લોહીની અછત ઉભી થઇ અને તે અછતને નિવારવાનો પ્રયાસ થયો એ સલામને યોગ્ય કાર્ય છે. આ માટે પ્રેરણા આપનારને પણ અભિનંદન આપવા જોઈએ.

રાજકોટ-સૌરાષ્ટ્રમાં રક્તદાન કેમ્પો સતત યોજાતા રહે છે. રક્તદાતાઓની પણ અછત નથી. ઘણા લોકો નિયમિત રક્તદાન કરતા રહે છે. આ વિરાટ પ્રવુત્તિ ધમધમતી હોવા છતાં રક્તની અછત સર્જાય તે ગંભીર બાબત ગણાય. લોકોએ સેવાભાવથી આપેલા રક્તનો ગેર ઉપયોગ તો નથી થતો ને ? આ તપાસનો વિષય છે.

આ ઉપરાંત રક્તની જરૂર પડે તેવા દર્દીઓ સમાજમાં વધી રહ્યા હોય તો એ મુદ્દો પણ ગંભીર ગણાય. આ બંને મુદ્દે તપાસ જરૂરી છે. સમાજમાં આરોગ્ય-તંદુરસ્તીનું મહત્વ પ્રસ્થાપિત કરવાની જરૂર છે. બીમારી શરમ ગણાવી જોઈએ. રક્તદાનમાં લોહીના ધોધ વહાવવા સાથે તંદુરસ્તી ટનાટન રહે તેનો પ્રચાર પણ થવો જોઈએ.

સ્વજન હોય તેના માટે લોહીના સંબંધ શબ્દ વપરાય છે. સિવિલ હોસ્પીટલના તબીબો તથા મેડીકલ સ્ટાફે માનવતાના આધાર પર અજાણ્યા સાથે લોહીના સંબંધો સ્થાપીને પ્રેરક કાર્ય કર્યું છે.

!! લાખ રૂપિયાની વાત !!
ઘણી વાર જિંદગીમાં તકલીફો
આપણી પરીક્ષા લેવા માટે
નથી આવતી,
પણ આપણી સાથે
જોડાયેલા
લોકોની સાચી
ઓળખાણ
કરવા માટે આવે છે...



પૂ ભક્તિ સ્વામીજી
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જિલ્લા
પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# દિલ્હી સત્તાવાર રીતે વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર

## ભારતની રાજધાની દિલ્હી નહીં અન્ય કોઈ શહેર હોઈ શકે : શશિ થરૂર

નવીદિલ્હી, તા. ૧૯

કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશિ થરૂરે પ્રશ્ન કર્યો હતો કે શું દિલ્હીને ભારતની રાજધાની રહેવું જોઈએ કારણ કે શહેરમાં વાયુ પ્રદૂષણ 'અત્યંત ગંભીર' સ્તરે પહોંચી ગયું છે. આ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા સૂચવવામાં આવેલી દૈનિક મહત્તમ માત્રા કરતાં ૬૦ ગણી વધુ છે. ઝેરી ધુમ્મસ (ધુમાડો અને ધુમ્મસનું ઝેરી મિશ્રણ) છેલ્લા કેટલાક દિવસોથી દિલ્હી-નેશનલ કેપિટલ રિજન (ગઈછ)ને ઘેરી રહ્યું છે. એર ક્વોલિટી ઈન્ડેક્સ (અચઈ) 'ગંભીર પ્લસ' કેટેગરીમાં પહોંચી ગયો છે. જેના કારણે સત્તાવાળાઓને શાળાઓને ઓનલાઈન વર્ગોમાં ફેરવવા અને વાયુ પ્રદૂષણ નિયંત્રણના કડક પગલાં લાગુ કરવાની ફરજ પડી છે. થરૂરે ટ્વિટર પર લખ્યું, દિલ્હી સત્તાવાર રીતે વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર છે. તેનું પ્રદૂષણ સ્તર ચાર ગણું જોખમી છે અને તે વિશ્વના બીજા સૌથી પ્રદૂષિત શહેર ઢાકા કરતાં લગભગ પાંચ ગણું વધુ પ્રદૂષિત છે. અમારી સરકાર વર્ષોથી આ સંકટને જોઈ રહી છે અને કંઈ કરી રહી છે તે યોગ્ય નથી.

કોંગ્રેસના સાંસદે કહ્યું કે તેઓ ૨૦૧૫ થી નિષ્ણાતો અને હિતધારકો સાથે 'એર ક્વોલિટી રાઉન્ડ ટેબલ' કાર્યક્રમોનું આયોજન કરી રહ્યા છે. પરંતુ ગયા વર્ષે તેઓએ તેને છોડી દીધું કારણ કે કંઈપણ બદલાતું નથી અને કોઈએ તેની કાળજી લીધી નથી. થરૂરે વધુમાં જણાવ્યું હતું કે, શહેર નવેમ્બરથી જાન્યુઆરી સુધી સંપૂર્ણપણે અક્ષમ છે અને બાકીનું વર્ષ ભાગ્યે જ રહેવાલાયક છે. શું તે આપણી મૂડી રહેવી જોઈએ? દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં લગભગ સાત કરોડ લોકો રહે છે અને તે શિયાળામાં વાયુ પ્રદૂષણના સંદર્ભમાં વિશ્વ રેન્કિંગમાં ટોચ પર છે. આનું કારણ એ છે કે ઠંડી હવા પડોશી રાજ્યો પંજાબ અને હરિયાણામાં ખેડૂતો દ્વારા સળગાવવામાં આવતા સ્ટબલના ધુમાડાને પકડી રાખે છે, જેનાથી પ્રદૂષણનું સ્તર વધુ વધે છે.

ગઈકાલે સવારે દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં ગાઢ ઝેરી ધુમ્મસ છવાઈ ગયું હતું અને હવાની ગુણવત્તા સૂચકાંક ૫૦૦ની આસપાસ પહોંચી ગયો હતો. સિસ્ટમ ઓફ એર ક્વોલિટી એન્ડ વેધર ફોરકાસ્ટિંગ એન્ડ રિસર્ચ (SAFAR) ના ડેટા અનુસાર, રાષ્ટ્રીય રાજધાનીની હવા ગુણવત્તા સૂચકાંક સવારે ૬ વાગ્યે ૪૯૪ નોંધાયો હતો, જે આ સિઝનમાં અત્યાર સુધીનો સૌથી ખરાબ આંકડો છે. તે અમાનવીય છે કે અમારી સરકાર વર્ષોથી આ દુઃસ્વપન જોઈ રહી છે અને તેના પર કોઈ નક્કર પગલાં લઈ રહી નથી. શશિ થરૂરે ૨૦૧૫ થી સાંસદો અને વિવિધ નિષ્ણાતો સાથે હવાની ગુણવત્તા પર રાઉન્ડ ટેબલ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું, પરંતુ તેમણે ૨૦૨૩ માં તે છોડી દીધું કારણ કે તેમના અનુસાર પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થયો નથી અને કોઈએ સમસ્યાની પરવા કરી નથી.

દિવાળીના દિવસોમાં સતત દેવસ્થાનોના તાળા તૂટતા ભાવિકોમાં પણ ફેલાઇ ગયો હતો રોષ

# હાશકારોઃ ત્રીસ મંદિરોમાં ચોરીઓ કરનાર ગેંગ ઝડપાઇ

## કચ્છ પંથકને સતત ધમરોળી ત્રણ દિવસમાં ઓગણીસ મંદિરોમાં હાથફેરો કર્યો હતોઃ ઉત્તર ગુજરાતમાં પણ આ ટોળકીએ જ તરખાટ મચાવી રાખ્યો હતો

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૧૯

દેતે હૈ ભગવાન કો ધોખા ઈન્સાન કો ક્યા છોડેંગે...અમુક તસ્કરીયાઓ એવા હોય છે જે મકાન-દુકાન કે કારખાનાઓ કે પછી બીજી માલ મિલ્કતોમાં ત્રાટકવાના બદલે માત્ર અને માત્ર દેવસ્થાનો, મંદિરોને જ નિશાન બનાવતાં હોય છે. ગયા અઠવાડીયે રાપર પંથકમાં એક જ રાતે અગિયાર મંદિરોમાંથી ચોરીઓ થતાં ભાવીકોમાં ગામલોકોમાં રોષ ફેલાઇ ગયો હતો. આ ટોળકીને ઝબ્બે કરવા પોલીસની ટીમોએ આદરેલી મહેનત સફળ થઇ હતી. પોલીસે આંતરરાજ્ય મંદિરચોર ગેંગના છ શખ્સોને દબોચી લીધા છે. આ ટોળકીએ ત્રીસ ચોરીઓની કબુલાત આપી છે. રાજસ્થાન તરફની આ ટોળકી માત્ર મંદિરોમાં જ ત્રાટકતી હતી.

વિગતો પર નજર કરીએ તો રાપર તાલુકાના ગાગોદર પોલીસ મથકની હદમાં આવતા ચિત્રોડ અને જેઠાસરી ગામે ગત સપ્તાહે એક જ રાત્રિમાં અગિયાર દેવસ્થાનોમાં ઘરેણાં સહિત ધર્મદાની રકમ મળીને કુલ રૂ સત્તાણુ હજારની ચોરી થતા વાગડ વિસ્તારમાં ચકચાર -સરી ગઈ હતી. એક તરફ આ ઘટનાથી સ્થાનિક ભાવિકોમાં રોષ ફેલાયો હતો તો બીજી તરફ પોલીસ બેડામાં દોડધામ મચી ગઇ હતી, ત્યાંજ બનાવના ત્રીજા દિવસે ફરી નજીકના કાનમેર ગામે ૮ દેવમંદિરોમાં ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું. ત્રણ દિવસના ટૂંકા ગાળામાં એક સામટા ૧૯ દેવાલયોના તાળાં તૂટતા પોલીસ તંત્રએ ધાર્મિક અસ્થા સાથે જોડાયેલી તસ્કરીના ગુનાની ગંભીરતાથી તપાસ હાથ હતી. આખરે પૂર્વ કચ્છ પોલીસવડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ પોલીસ તંત્રના વિવિધ વિભાગની ટીમોએ ઝીણવટભરી તપાસ કરીને આંતરરાજ્ય ગરાસિયા ગેંગને ઝડપી પાડી છે.

પોલીસે ઝડપી લીધેલા છ આરોપીઓમાં એક રાજસ્થાનનો સોની વેપારી હોવાનું પણ ખુલ્યુ છે. આ અંગે પોલીસવડા સાગર બાગમરે વિગતો જાહેર કરતા કહ્યું હતું કે ગાગોદર થાણા હેઠળના ચિત્રોડમાં અને ત્યારબાદ કાનમેર ગામે સામુહિક તસ્કરીની ઘટના બની હતી. ધાર્મિક અસ્થા સાથે જોડાયેલા ચોરીના બનાવને ગંભીરતાથી લઈ, જાત મુલાકાત પણ



ગરાસીયા ગેંગ તરીકે ઓળખાતી રાજસ્થાનની તસ્કર ટોળકીના પાંચ પકડાયા, બેના નામ ખુલ્યા ચોરાઉ માલ રાખનારા સોની વેપારીની પણ થઇ ધરપકડ

લેવામાં આવી હતી અને ગુનાના ભેદ ઉકેલ માટે ગાગોદર, આડેસર પોલીસ સાથે એલસીબી સહિતના વિભાગની અલગ અલગ ટિમો બનાવી હતી. તપાસનીશ પોલીસ અધિકારીઓએ ચોરી બનાવો અને વિવિધ એંગલ અંતર્ગત તપાસ હાથ ધરી હતી. તેમાં પશ્ચિમ કચ્છના નખત્રાણા તાલુકાના ગામે અને ઉત્તર ગુજરાતના રાધનપુર, દિયોદર અને થરા ગામે થયેલી મંદિર ચોરીના કેસમાં સામ્યતા જણાઈ આવતી હોય આ દિશામાં તપાસ હાથ ધરી હતી.

આ માટે હ્યુમન સોર્સ, સીસીટીવી ફૂટેજ અને ટેકિન્કલ સર્વેલન્સની મદદથી રાજસ્થાનની ગરાસિયા ગેંગ સામેલ હોવાનું ખુલ્યું હતું. ચોરીમાં સામેલ આરોપીઓનું પગેરું દબાવી પોલીસ છેક રાજસ્થાન પહોંચી હતી. ભચાઉ ડીવાયએસપી સાગર સાબડા સાથે આડેસર પીએસઆઇ સેંગલ, આડેસર પીઆઇ જયવીરસિંહ વાળા, એલસીબી પીઆઇ એન એન ચુડાસમા સહિતના અધકારીઓ અને પોલીસના કર્મચારીઓની ટીમ રાજસ્થાન પોલીસના સહયોગથી સિરોહીના જંગલ વિસ્તરમાં છુપાયેલા આરોપીઓ સુધી પહોંચી હતી અને ત્યાંથી પાંચ આરોપીઓ તેમજ એક સોની વેપારી સહિત કુલ છ આરોપીને ઝડપી લઈ આ બનાવમાં ઝડપી સફળતા મેળવી હતી. બનાવમાં હજી બે આરોપીની અટક બાકી છે. ચોરીમાં ગયેલો મોટાભાગનો મુદ્દામાલ કબ્જે લેવાયો છે જેમાં કુલ રૂ ૩ લાખ ૬૪ હજાર ૭૩૪નો મુદ્દામાલ કબ્જે લેવાયો છે. ૧૮ સહિત કુલ ૩૦ મંદિર ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસ ટીમને સફળતા મળી છે.

ગુનાહિત ઇતિહાસ ધરવતા આરોપીઓમાં અમુક સામે એકજ પ્રકારના અનેક ગુના પોલીસ દફતરે નોંધાયેલા છે, તેમાં મુખત્વે ચોરી અને લૂંટના ગુના સામેલ છે. આરોપીઓની મોડેસ ઓપરેન્ડી મુજબ તેઓ બનાવ સ્થળની ભૌગોલિક માહિતી પહેલેથી જ ધરાવતા હતા અને પથ્થર ઘડાઈના કામથી સંકળાયેલા હોતા, મંદિરોમાં પથ્થરની કોતરણીની કામગીરી કરતા, કામ પૂર્ણ કર્યા બાદ ત્યાં ચોરીની ઘટનાને અંજામ આપતા હતા. રાજસ્થાનના રહેવાસી આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. જેમાં કમલેશ અનારામ ગરાસીયા, રહે.માલવા ચોરા, તા.દેવલા, થાના-બેકરીયા જી. ઉદેપુર, રમેશ બાબુરામ ગરાસીયા, રહે.માલવાચોરા, તા.દેવલા, થાના-બેકરીયા જી. ઉદેપુર હાલ રહે. ગામ નાંદીયા, થાના-પીંડવાળા, તા.પીંડવાળા જી. શિરોહી , જીતેન્દ્ર સુનારામ ગરાસીયા રહે. સીમલા થલા, થાના-બેકરીયા, તા.કોટડા જી.ઉદેપુર, સુરેશ શંકર ઉર્ફે ડાકુ ગરાસીયા, રહે. માલેરા, થાના-પીંડવાળા, તા. પીંડવાળા જી. શિરોહી, જયરામ ઉર્ફે જેનીયા નોનારામ ગરાસીયા, રહે. માલેરા થાના-પીંડવાળા તા. પીંડવાળા જી. શિરોહી અને સુરેશકુમાર શાંતીલાલ સોની, રહે. શુભગ્રીન ફ્લેટ, વસ્ત્રાલ અમદાવાદ મુળ રહે. ગામ ગોયલી તા.જી.શિરોહીનો સમાવેશ થાય છે. જ્યારે મેઘલારામ ઉર્ફે મેઘલા ઉર્ફે મેઘારામ મોતીરામ ગરાસીયા, રહે.ડાલીબોર, તા.બાલી, જી.પાલી અને રમેશ વાલારામ ગરાસીયા રહે. હેમલા થલા માલવા કા ચોરા થાના-બેકરીયા, તા.કોટડા જી. ઉદેપુરના નામ ખુલતાં તેની શોધખોળ થઇ રહી છે. આમ સમગ્ર ગુજરાતમાં મંદિરોમાં ત્રાટકતી ટોળકી ઝડપાઇ જતાં પોલીસે પણ રાહત અનુભવી હતી.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## હું રાજીનામું આપું છું! (બોધકથા)

### માધૂરી બેન ની દ્વિધા શું હતી! અને એને શું કામ રાજીનામું આપવું હતું!



ભારતીય સમાજ માત્ર આર્થિક અસમાનતાની રીતે જ વિભાજીત નથી! ઉંમરની રીતે જૂની પેઢી અને નવી પેઢી એવો દોર પણ અત્યારે ચાલી રહ્યો છે, અને વચ્ચેની પેઢીનો નજરિયો કોઈ સમજવા તૈયાર નથી! આ તમામ વિભાજીત વર્ગની માનસિકતાની રીતે પણ એમાં પાછું વિભાજન જોવા મળે છે. જનરેશન ગેપ એ સદીઓથી સમાજનો સળગતો પ્રશ્ન રહ્યો છે! પણ આપણે આજે વચ્ચેની પેઢી કે જે નથી જૂની પેઢીમાં આવતી અથવા તો પોતે મોર્ડન છે એવું દેખાડવા આધુનિક પહેરવેશ તો પહેરે છે પણ સંસ્કારનેં કારણે આધુનિક થઈ શકતી નથી કે સંસ્કાર નેં નેવે મુકી શકતી નથી! એવા એક ૫૫ વર્ષના માધૂરી બેનની વાત બુધવારની બોધકથામાં લઈને આવી છું.

બંગ્લો નું નામ તો શાંતિ નિકેતન હતું, પણ ડાઈનિંગ રૂમમાં આજે સૌની શાંતિ હણાઇ ગઇ હતી! અને બધા જ એકબીજાની સામે જોઈને નજરથી આશ્ચર્ય વ્યક્ત કરતા હતા! નાસ્તાના ટેબલ પર બધાને નાસ્તો સર્વ કરીને માધૂરી બેન એ પોતાની ડિશમાં નાસ્તો રાખ્યો અને હજી એ બેસવા જાય છે, ત્યાં જ સંતોક બા એ કહ્યું કેમ માધૂરી આજે ભૂલી ગઈ ! આજે અગિયારસ છે અને મારે સાબુદાણા વડાનો નાસ્તો હોય! માધૂરી કંઈ જવાબ આપે એ પહેલાં જ એમના પતિ મૌલિકની મૌલિકતા ખોવાઈ ગઈ અને દર વખતે જાણે બહુ મોટો અપરાધ થયો હોય એમ ગેંગેફેંફે થતી માધૂરી આજે એકદમ સ્વસ્થ હતી તેનાં મોંઢાની એકપણ રેખા બદલી ન્હોતી. ત્યાં જ નાની નણંદ સુહાના આવી અને પૂરી જોઈ કહ્યું ઓહ નો આ ઓઈલી નાસ્તો! એને કંઈ જવાબ આપે એ પહેલાં જ ઉપરથી જ હિલ પહેરીને ઉતરતી પુત્રવધૂ નાવ્યા બોલી મોમ કાલે કહ્યું તો હતું કે મારે પ્રેઝન્ટેશન છે અને નાસ્તો કરવાનો ટાઈમ નહીં રહે તો વેજીટેબલ સેન્ડવીચ નું લંચ બોક્સ.. ભૂખી રહીશ એમ કરી પગ પછાડતી ચાલી ગઈ! અને દિકરો બોલ્યો તું પહોંચ હું તારી માટે ઝોમેટો કરું છું! પછી મમ્મી એટલે કે માધૂરી તરફ ફરીને બોલ્યો! મોમ શું થયું છે? કેમ આજે આમ રુઢલી બીહેવ કરે છે! અને માધૂરી એ કહ્યું હું રુઢ? અને એ જોરથી હસી તેની આંખના ખૂણા ભીના થઇ ગયા પણ એ તરફ કોઈનું ધ્યાન ગયું જ નહીં! મૌલિક એ કહ્યું લંચ બનવાનું છે કે નહીં પહેલેથી કહી દેજે! આજે ટિફિન માં વેજીટેબલ કોફતા લાવીશ એમ એક બે ને કહી દીધું છે? આમ કરીને એ પણ ઉભાં થઇ ને ચાલ્યા ગયા! માધુરીને જે કહેવું હતું તે કહી શકી ને કારણ કે ડાઇનિંગ ટેબલ ખાલી થઈ ગયું હતું, પણ એ પોતાના નિર્ણયમાં મક્કમ હતી. એ કિચન તરફ ના જતા પોતાના રૂમ તરફ ગઈ અને તૈયાર થવા લાગી, એટલે મૌલિક એ પુછ્યુ બહાર જવું છે! એણે ટૂંકમાં પતાવ્યું હાં! લંચ માટે મેનુ મહારાજને આપી દીધું છે. મૌલિક એના મોઢાનાં ભાવ ભાવ પરથી જ મૌન રહેવાનું મુનાસીબ માન્યું અને એ પણ તૈયાર થઈ ટિફિન લઈ રવાના થયો.

વળી રાત્રે બધા ડ્રોઈંગ રૂમમાં કોન બનેગા કરોડપતિ જોતા હતાં, અને એમાં જોગાનું જોગ એક હાઉસ વાઈફ આવી! સદીના મહાનાયક એવા અમિતાભ બચ્ચને હાઉસવાઈફ ની જોબ ને સર્વશ્રેષ્ઠ જોબ કહી એ સન્નારીનું સન્માન કર્યું. માધુરીએ સૌની તરફ એક વેધક નજર ફેંકી! શો પૂરો થયો અને થોડીવાર ટીવીમાં અન્ય ચેનલ જોઈ સવ પોત પોતાના મોબાઈલમાં વ્યસ્ત હતા ત્યારે આ ચુપકીને તોડતા માધુરીએ સૌને સંબોધીને કહ્યું મારે આપ સૌને કંઈક કહેવું છે! સૌએ એની સામે આચાર્યથી જોયું ત્યારે એને કહ્યું કે હું મારી ગૃહિણીની જોબમાંથી રાજીનામું આપો છું! એક બે મિનિટ માટે સન્નાટો છવાઈ ગયો અને મૌલિક એ કહ્યું શું તું પણ એ જોબમાંથી કંઈ રાજીનામું આપી શકાય થોડું! નીરજ એટલે કે એના પુત્ર એ કહ્યું મોમ પપ્પા સાચુ કહે છે! સુહાના અને નાવ્યા બંને એક આઉટ ફીટની ચર્ચા કરી રહ્યા હતા એમણે પણ આશ્ચર્યથી માધુરી સામે જોયું! સંતોકબા એ એમનાં જૂનવાણી લહેજા થી કહ્યું! કે તો તું શું કરીશ ? માધુરી મૌન રહી, એ પોતાની આમન્યા તોડવા માંગતી નહોતી! પણ એણે બધાને સંબોધીને કહ્યું કે તમે બધા જ સર્વિસ કરો છો દર મહિને તમને એનો સેલેરી મળે છે અને જ્યારે એક જોબ છોડી બીજે જાવ ત્યારે જવાબદારી બધી હોવાથી વધુ સેલેરી મળે છે પણ મને...? મૌલિકે કહ્યું એટલે તને શું હવે આ જોબનો સેલેરી જોઈએ છે? માધુરી એ સ્વસ્થતાથી કહ્યું ના પણ મારે હવે આ સર્વિસ જ નથી કરવી..! આમ તો આ સર્વિસનો કોઈ સેલેરી નક્કી કરી શકાય જ નહીં પરંતુ છ મહિના પહેલા મારો પગ સ્લીપ થયો અને મને ફેક્ચર થયું ત્યારે નાવ્યાના મમ્મી તથા કુંદન ફૈબા વારાફરતી બે મહિના અહીં રહ્યા હતાં, એને માત્ર મુન્નાને સંભાળવા માટે ગાડી ગીફ્ટ કરી, અને ફૈબાને રીયલ ડાયમંડનો સેટ તમે આપ્યો હતો! એટલે એ પરથી તમે લોકો ગણતરી કરી શકો છો કે મને અત્યાર સુધીમાં કેટલું મળવું જોઈએ! જ્યારે મને તો સેલેરી તો ઠીક પણ માન સન્માન પણ.. આમ કહીને તે પોતાના રુમમાં ચાલી ગઈ.

પોતાના રૂમમાં આવી તેણે ચેન્જ કર્યું અને ફરીવાર પોતાના વિચાર પર વિચારવા લાગી. ૩૬ વર્ષનાં લગ્ન જીવનમાં એણે કેટ કેટલું સમર્પણ કર્યું! નો ડાઉટ શરૂ શરૂમાં એને પતિ તરફથી ગિફ્ટ પણ મળી હશે, અને સંતાનો કમાતા થયાં પછી એમણે પણ કંઈક આપ્યું હશે.પણ ભૂલ એ લોકો કરતાં મારી વધુ છે! મેં કોઈ દિવસ કોઈને ના કહી જ નહીં, અને એને કારણે સૌ અધિકાર સમજવા લાગ્યા! પગના દુખાવા થઈ ગયાં, ની રિપ્લેસની નોબત આવી. સતત સમયે નહીં પહોંચાય એના સ્ટ્રેસને કારણે મોતિયા પણ ઉતરી ગયાં! અને અનિંદ્રા જેવો અન્ય કોઈ રોગ વધે એ પહેલાં જ, કાયમ લાગણી વહેંચવા વાળી અને નામ પ્રમાણે જ જે મધૂર હતી એ માધૂરી એ પોતાના અધિકાર માંગ્યો,પણ આ જરુરી છે,એમ મનોમન પાક્કો નિર્ણય કરી એ પડખું ફરી સૂઈ ગઈ.

મિત્રો સમાજમાં આજે પણ જે સંયુક્ત પરિવાર રહે છે, અને જેમાં ત્રણ પેઢી એકસાથે હોય ત્યાં આ પરિસ્થિતિ દેખાય છે! કારણકે જૂની પેઢી પોતાના રિત રિવાજ, અને માન્યતાઓ મુકી શકતા નથી! વચ્ચેની પેઢી આપણે આવી ભૂલ નથી કરવી, એમ અથવા આધુનિક સમયની માંગ છે, એમ સ્વીકારી નવી પેઢીનું બધું સ્વીકારી લે છે! અથવા કચકચ કરીશું તો જુદા થશે! કે પછી આવક સામે જોઈ પણ ચૂપ રહે છે. પણ પછી એ સતત બંને બાજુથી પીસાય છે, અને એને ખ્યાલ આવે છે કે આપણું તો હવે અસ્તિત્વ જ નથી રહ્યું, અને આમ આધુનિક નજરિયો અપનાવતી ગૃહિણીને જીવનના એક તબક્કે એમ લાગે છે કે પોતાની હાલત ધોબીના કૂતરાં જેવી છે, ન ઘરનો ન ઘાટનો! સમાજને અપિલ છે કે આ પેઢીના લોકોને પણ સમજો.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

### યુવાનને પતાવી દઇ કાપડથી માથુ-મોઢુ-હાથ બાંધી લાશ ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં ત્રીજા માળે બોઇલરમાં છુપાવી દેવાઇ હતી

# મિસ્ટ્રી ઉકેલાઇ: ફ્રીઝના રૂપિયા માટે થઇ હતી યુવાનની ક્રુર હત્યા

### પોલીસે પગેરૂ દબાવ્યું અને આરોપી ઓરિસ્સાના રેડલાઇટ એરિયામાંથી હાથમાં આવી ગયો: પચ્ચીસ હજારનો ડખ્ખો યુવાનને મોત સુધી લઇ ગયો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૧૯**

હત્યાની રોજબરોજ બની રહેલી ઘટનાઓમાં જ`તે પરિવારજનો પોતાના મોભી, સ્વજન, આધારસ્તંભને ગુમાવી બેસે છે. નહિ જેવી વાતે એક બીજાને ઢાળી દેવાની ઘટનાઓમાં ચિંતાજનક રીતે વધારો થયો છે. સતત બની રહેલી આવી ઘટનાઓને કારણે કાયદો વ્યવસ્થાની હાલત ઉપર પણ સવાલો ખડા થતાં રહે છે. હત્યાની અમુક ઘટનાઓમાં ભેદ તુરંત ઉકેલાઇ જતો હોય છે તો અમુક ઘટના મિસ્ટ્રી બની જતી હોય છે. આવી જ એક મર્ડર મિસ્ટ્રી ઉકેલાઇ ગઇ છે. એક યુવાનની ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં ત્રીજા માળે બોઇલરમાંથી લાશ મળી હતી. તે જોતાં જ તેની ક્રુર હત્યા કરી દેવામાં આવ્યાનું ખુલ્યું હતું. પોલીસે આરોપીને દબોચી લીધો હતો.

ઘટનાની વિગતો જોઇએ તો ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટના ત્રીજા માળે બોઇલરમાંથી હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. આ -કરણમાં આખરે આરોપીની ધરપકડ ઓરિસ્સાથી કરવામાં આવી છે. ફ્રિઝના પચ્ચીસ હજાર રૂપિયા મામલે હત્યા કરાવી હતી. આરોપીની ધરપકડ ઓરિસ્સાના રેડલાઇટ એરિયા જેવા વિસ્તારમાંથી કરવામાં આવી હતી. સુરત ખટાદરા વિસ્તારની આ ઘટના છે. લુમ્સ કારખાનામાં નોકરી કરનાર ધૂબચરણ પ્રધાનની હત્યા કરવામાં આવી હતી. પોલીસને તેની લાશ કડોદરા વિસ્તારના ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં બોઇલરની અંદરથી મળી હતી. તેના માથામાં ડાબી બાજુ તેમજ માથામાં ડાબા કાનની પાછળ જીવલેણ હથિયાર વડે માર મારી ઇજા કરવામાં આવી હતી, જેના કારણે તેનું મોત નીપજ્યું હતું. આ લાશને છુપાવવા માટે આરોપીએ લાશને કાપડથી માથું, મોંડું તથા હાથ બાંધી પ્લોટ નંબર એક દેણપ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટના ત્રીજા માળે આવેલા બોઇલરમાં નાખી આરોપી ફરાર થઈ ગયો હતો.

ત્યારબાદ થોડા દિવસ બાદ બોઇલરમાંથી અતિ દુર્ગંધ આવતા લાશ હોવાનું બહાર આવ્યું




હતું. આ ઘટનાની જાણ થતાં જ્યારે પોલીસ ઘટના સ્થળે પહોંચી ત્યારે તપાસ શરૂ કરી. આ દરમિયાન ઘ્વ્સ્માં એક વ્યક્તિ તે જ સમયે ત્યાંથી પસાર થતાં નજરે આવ્યો હતો. તેની શોધ પોલીસે શરૂ કરી હતી. શંકાસ્પદ વ્યક્તિ મનોજ શાહુની તપાસ કરતા તે સુરતથી નાસી ગયો હતો. જેથી, પોલીસે તેની શોધખોળ શરૂ કરી. આરોપીએ પોતાના મોબાઈલ ફોન બંધ કરી દેતા પોલીસ બે વાર તેને પકડવામાં નિષ્ફળ ગઈ હતી. બે વખત ઓરિસ્સા જઈને પોલીસ પરત આવી હતી.

પરંતુ ત્રીજીવાર જ્યારે તેણે મોબાઈલ ફોન ચાલુ કરી સીમ બદલવા માટે -યાસ કર્યો ત્યારે તેનું લોકેશન મળી ગયું હતું અને આરોપીને પોલીસે ઝડપી પાડ્યા હતા. આ સમગ્ર મામલે ઝદ્ય વિજયસિંહ ગુર્જરે જણાવ્યું હતું કે, હત્યા બાદ આરોપી કટક નાસી ગયો હતો. રેડ લાઈટ જેવા વિસ્તારમાં તે રહેતો હતો, જેથી તેની શોધખોળ કરવી ખૂબ જ મુશ્કેલ હતી. આ ઘટના વચ્ચે તેણે મોબાઇલ પણ બંધ કરી દેતા એક્ઝેટ લોકેશન શું છે? એ જાણવું મુશ્કેલ થયું હતું. આખરે ત્રીજી વાર પોલીસની ટીમ જ્યારે ઓરિસ્સા પહોંચી ત્યારે તેની ધરપકડ કરવામાં આવી હતી. સીમ બદલવા માટે તેણે મોબાઈલ શરૂ કર્યો ત્યારે લોકેશન મળ્યું હતું. આરોપીની ધરપકડ એક મંદિરની બહારથી કરવામાં આવી છે. આ સાથે તેઓએ જણાવ્યું હતું કે, મરનાર વ્યક્તિએ આરોપી મનોજને ફ્રીઝ વેંચ્યાના પચ્ચીસ હજાર રૂપિયા આપવાના બાકી હતા, જેની માંગણી મરનાર વ્યક્તિએ મનોજ પાસે કરી હતી પરંતુ આ વચ્ચે બોલાચાલી થતા તેણે એક સળીયાથી તેને માર મારી હત્યા કરી હતી.

પોલીસની મહેનતથી આ મર્ડર મિસ્ટ્રી ઉકેલાઇ ગઇ હતી અને આરોપી છેક ઓરિસ્સા જતો રહ્યો હતો છતાં તેને આબાદ પકડી લેવાયો હતો. નહિ જેવી વાતે કે મોટે ભાગે રૂપિયા પૈસાની લેતીદેતી મામલે હત્યાની ઘટનાઓ વધી ગઇ છે તેમાં વધુ એક આ બનાવ ઉમેરાઇ ગયો છે.

# હત્યાના બનાવને અકસ્માતમાં ખપાવવાનો કારસો નાકામ: બે પકડાયા

### રણુજા મંદિર પાસે ઘર પાસે લઘુશંકા કરવા મામલે વિજય સોલંકીને લાકડીના ઘા ફટકારી પતાવી રીક્ષાવાળાને હોસ્પિટલે લઈ જવા અને અકસ્માત નડયાનું કહેલું હતું: આજીડેમ પોલીસે ભેદ ઉકેલ્યો

રાજકોટ મિરર, તા.૧૯

શહેરમાં હત્યાની વધુ એક ઘટના રવિવારે નોંધાઇ હતી. કોઠારીયા રોડ પર રણુજા મંદિર સામે મફતિયાપરા નજીકથી ઈજાગ્રસ્ત હાલતમાં ચારેક દિવસ પહેલા મળી આવેલા વિજયભાઈ ઉર્ફે વિભાભાઈ સમજુભાઈ સોલંકી (ઉ.વ.૪૫)નું સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. વાહન અકસ્માતમાં આ બનાવને ખપાવી દેવાનો કારસો રચાયો હતો. પણ આજીડેમ પોલીસે ભેદ ઉકેલી બે શખ્સને પકડી લીધા છે. આ બનાવની તપાસ થતા વિજયભાઈને ઘર નજીક લઘુશંકા કરવા બાબતે રવિ વિક્રમભાઈ ઉર્ફે ગડો કાલિયા અને તેની સાથેના અજાણ્યા શખ્સે લાકડીથી હુમલો કરી હત્યા કર્યાનું ખૂલતા આજીડેમ પોલીસે મૃતક વિજયભાઈના પુત્ર પિયુષ (ઉં.વ.૨૦, રહે. નાડોદાનગર શેરી નં. ૨૦, કોઠારિયા રોડ)ની ફરિયાદ પરથી રવિ સહિત બંને શખ્સો સામે ગુનો દાખલ કરી તપાસ આદરી ભેદ ઉકેલ્યો છે.

વિગત એવી છે કે ૧૨/૧૧/૨૦૨૪ ના રોજ સવારના પાંચ વાગ્યાની આસપાસ કોઠારીયા રોડ, રણુજા મંદીર પાસે વિજય મુકેશભાઈ સોલંકી ઉ.વ.૪૫ રહે.લાપાસરી રોડ, રણુજા મંદીર પાસે. રાજકોટને હાથના ભાગે તથા શરીરે ઈજાગ્રસ્ત હાલતમાં પડેલ હોઇ જેને ૧૦૮ મારફતે સિવીલ હોસ્પીટલ સારવાર અર્થે દાખલ કરેલ.જેનું સારવાર દરમિયાન મોત થતા પોસ્ટમોર્ટમ કરાવી સગા-સંબંધીઓનો સંપર્ક કરતા મૃતકનો પુત્ર પિયુષભાઇ વિજયભાઇ ઉર્ફે વિભો સમજુભાઇ સોલંકી કોઠારીયા રોડ હુડકો પાસે રાજકોટ મુળ ગામ ઢોરવા ગામ તા.ભેસાણ જી.જુનાગઢનો સંપર્ક થઈ જતા તેને સિવીલ હોસ્પીટલ પી.એમ. રૂમ ખાતે



બોલાવી મરણ લાશનો કબ્જો સોંપી આપેલ. અને તેની પુછપરછ કરતા પોતાના પિતા છેલ્લા ચાર-પાંચ વર્ષથી રણુજા મંદીર સામે, લાપાસરી રોડ, મફતીયા પરામાં રહેતા હોવાનું જણાવેલ હતું.

ત્યારબાદ આ બનાવ શંકાસ્પદ જણાતા પો.ઈન્સ. એ.બી. જાડેજા તથા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. જે.જી રાણા તથા ટીમના માણસોની અલગ-અલગ ટીમો બનાવી આ કામે મરણજનાર જ્યાં ઈજાગ્રસ્ત હાલતમાં પડેલ હોય તેની નજીકના સી.સી.ટી.વી. કેમેરાઓ તથા મરણજનાર જ્યાં રહેતા હોય તે જગ્યાની તપાસ કરતા હ્યુમન સોર્સ મારફતે સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઈ. હારૂનભાઈ ચાનીયા તથા રવિભાઈ વાંકને ચોક્કસ માહીતી મળેલ કે, ગઈ તા.૧૨/૧૧/૨૦૨૪ના રોજ મોડી રાત્રીના સમયે મૃતક જ્યાં રહેતા હોઇ ત્યાં વિક્રમ ઉર્ફે ગડાના ઘર પાસે પેશાબ કરવા બાબતે વિક્રમ ઉર્ફે ગડાના પુત્ર રવી તથા તેની સાથેના માણસ સાથે બોલાચાલી ઝઘડો થતા મરણજનાર ને લાકડી વતી માર મારી તેને કોઈ કારણોસર ઈજા થયેલ હોવાનું જણાવી રીક્ષામાં હોસ્પીટલ મોકલી આપેલ હોવાની ચોક્કસ હકીકત મળતા આ મૃતકના પુત્ર પિયુષભાઈ વિજયભાઈ સોલંકીની ફરીયાદ પરથી ગુનો નોંધી આ સમગ્ર ઘટના અંગે ઉપરી અધિકારીઓને માહિતગાર કરી તેઓનું માર્ગદર્શન લઈ તપાસ શરૂ કરી બે આરોપી રવી વિક્રમભાઈ ઉર્ફે ગડો કાલીયા ઉ.વ.૨૬ રહે. વેલનાથપરા મફતીયા નદીના કાંઠે, રણુજા મંદીર સામે, લાપાસરી રોડ, રાજકોટ તથા વિજય ભુપતભાઈ ચાવડા ઉ.વ.૨૫ રહે. સોમનાથ સોસાયટી શેરી નં.૪, કોઠારીયા રોડને પકડી લીધા છે.

આરોપીઓની પુછપરછ કરતા મરણજનાર વિજય મુકેશભાઈ સોલંકી આરોપી રવીના ઘર પાસે પેશાબ કરતો હોય જેથી તેને પેશાબ કરવાની ના પાડતા બોલાચાલી થતા આરોપી રવી તથા તેની સાથેના વિજય ચાવડાએ મૃતકને લાકડી વતી શરીરે માર મારી ત્યાંથી કોઈની રીક્ષામાં બેસાડી રીક્ષા ચાલકને મરણજનારને પડી જવાથી ઈજા થયેલ છે તેમ કહી હોસ્પીટલ લઈ જણાવી સદરહું હત્યાના બનાવને અકસ્માતમાં ખપાવવાનો પ્રયત્ન કરેલ હતો

.પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા તથા સંયુકત પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા તથા ઈન્ચાર્જ નાયબ પોલીસ કમિશ્નર પાર્થરાજસિંહ ગોહીલ (ઝોન-૧) તથા મદદનીશ પોલીસ કમિશનર બી.વી.જાધવ (પુર્વ વિભાગ)ના માર્ગદર્શન તેમજ સુચના મુજબ આજીડેમ પોલીસની જુદી-જુદી ટીમો બનાવી આરોપીઓને પકડી પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી.જાડેજાની રાહબારીમાં પો.સબ ઈન્સ. જે.જી.રાણા તથા સર્વેલન્સ સ્કોડની ટીમના માણસો અલગ-અલગ ટીમો બનાવી આરોપીઓને પકડી લીધા હતાં.

cheers® Multi Speciality Hospitals
Ahmedabad / Rajkot

અમદાવાદના નામાંકિત સ્પાઈન અને દુ:ખાવાનાં સ્પેશ્યાલીસ્ટ
રાજકોટમાં
૨૦-૧૧-૨૦૨૪, બુધવાર
સવારે ૧૧.૦૦ વાગ્યા થી




Dr. Shirazahmed Munshi
M.B.B.S., D.Ortho., FIAPM.,
DNB (Fellow), FIPP- USA
Fellowship- Spine Endoscopy
(Pune, USA, Japan)

લાંબો સમય ઊભા રહેવામાં કે ચાલવામાં તકલીફ છે ?
+ પગમાં કે કમરમાં દુ:ખાવો થવો + પગ ભારે થઈ જવા, ખાલી ચડી જવી + ગાદી પર ચાલતા હોય તેવો ભાસ થવો... આ તકલીફ સ્પાઈનલ સ્ટેનોસીસ હોય શકે છે
દૂરબીન વડે ગરદન અને કમરના મણકાની સારવાર
સ્પાઈન સ્ટેનોસીસ/સ્લીપ ડીસ્ક-સાયટીકાની દૂરબીન વડે ઓપરેશન વગર સારવાર
::ફાયદાઓ:
- ચીરફાડ કે મણકા ખોલવાની જરૂર નથી (જેથી ફરીથી મણકાની તકલીફ ખૂબ ઓછી થાય)
- દર્દીને બેભાન કરવાની જરૂર નથી (જેથી ઓપરેશનમાં લકવો થતો નથી)
- ઓપરેશન બાદ તુરંત રજા (મોટી ઉંમરના, ડાયાબિટીસ, બીપી, હૃદયની તકલીફવાળા દર્દીઓ માટે આશીર્વાદરૂપ
મેડિક્લેઈમ માન્ય સારવાર

અમર સ્પેશ્યાલીટી
- પેઈન મેનેજમેન્ટ
- એન્ડોસ્કોપીક સ્પાઈન સર્જરી
- ઓર્થોપેડિક્સ
- યુરોલોજી
- જોઈન્ટ રીપ્લેસમેન્ટ એન્ડ પોલી ટ્રોમા
- ઓન્કોલોજી એન્ડ ઓન્કોસર્જરી
- ન્યુરોલોજી એન્ડ ન્યુરો સર્જરી
- મેડિસીન

એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો +91 9898745145

હિલ વેલ હોસ્પિટલ બિલ્ડિંગ, બી.એ.પી.એસ. મંદિર સામે, કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૨.
Info.rajkot@cheershospital.com www.cheershospitals.com

### ગામના ગરીયા ફેરવી ગજવા ભરવા નીકળી પડનારાઓનો વધુ એક ખેલ ખુલ્લો પડ્યો

# ક્રિપ્ટોમાં કમાણીના નામે ૪ યુવાનને ૨૩ લાખનો ચૂનો

### નિવૃત ટીડીઓના પુત્રએ કળા કરી: બીજા કિસ્સામાં કારકિર્દી ઘડવા એન્જિનીયર નકલી વીઝા લઇ ન્યુઝીલેન્ડ જવા નીકળ્યો, પણ મુંબઇમાં ઝડપાઇ જતાં સપનાઓ ચુર થયા, ગુનેગાર બનવાની વેળા આવી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૯**

ગામને છેતરીને ગજવા ભરવાના કિસ્સાઓ અટકતા જ નથી. રોજ ઉઠીને કોઇ છેતરાઇ ગયાના સમાચાર સાંભળવા, વાંચવા ન મળે તો જ આપણને નવાઇ જેવુ લાગતું હોય છે. રાજ્યભરમાં આ પ્રકારના ગુનાઓનું પ્રમાણ સતત વધી ગયું છે. છેતરપીંડી કરનારા ઓનલાઇન ગઠીયાઓ માથાનો દુ:ખાવો બન્યા છે તો બીજી તરફ રૂબરૂ બીજાને મળીને તેને પોતાની જાળમાં ફસાવી છેતરી લેનારા પણ ઓછા નથી. એક કિસ્સામાં નિવૃત ટીડીઓના પુત્રએ ક્રિપ્ટો કરન્સીમાં કમાણી કરી અપાવવાના બહાને ચાર લોકોને ત્રેવીસ લાખનો ચૂનો લગાવી દીધો છે. મહુવાની આ ઘટનામાં પોલીસ સુધી વાત પહોંચતા ગુનો દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી છે. બીજા બનાવમાં એક એન્જિનીયર યુવાન પચાસ હજારમાં નકલી વીઝા બનાવી ન્યુઝીલેન્ડ જવા નીકળી પડયો હતો.. પરંતુ મુંબઇ એરપોર્ટ પર જ તેના અરમાનો ઉપર પાણી ફરી વળ્યું હતું. તેની પોલ પકડાઇ જતાં કારકિર્દી ઘડવાના સપના રોળાયા હતાં અને ગુનેગાર બનવાની નોબત આવી ગઇ હતી.

પ્રથમ ઘટનાની વિગતો જોઇએ તો મહુવામાં રહેતા એક યુવકને ક્રિપ્ટો કરન્સીમાં સારા વળતરની લાલચ આપી સાવરકુંડલા અને મહુવાના ચાર લોકોએ રૂપિયા બાવીસ લાખ નેવુ હજારની છેતરપીંડી આચરી હતી. મહુવામાં સ્વામિનારાયણ મંદિર સામે રહેતા દેવાંગ ગીરીશભાઈ સાંગાણી નામના યુવાને આ બારામાં સાવરકુંડલાના ચિંતન રાવળ ઉર્ફે દેવાંગ ઉર્ફે દાદા મહાદેવ, મહુવાના આરીફ ઉર્ફે અબ્બા બાગોત સહિત ૪ સામે ગઈકાલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેણે જણાવ્યું હતું કે આ શખ્સોએ તેને યુએસડીટી ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરાવવાની લાલચ આપી તેની પાસેથી મોટી રકમ પડાવી હતી. જુદા જુદા તબક્કે તેની પાસેથી મોટી મોટી રકમનું રોકાણ યુએસડીટીમાં કરાવ્યું હતું. છેલ્લે તેની ૨.૪૦ લાખની રકમ બાકી નિકળતી હોય ચારેય શખ્સોએ રૂપિયા ૨૦.૫૦ લાખનું રોકાણ કરે તો બાકીની રકમ મળી જશે તેવી લાલચ આપી હતી.

આ રીતે તેઓની પાસેથી આ રકમ પડાવી હતી. અને અંતે ૨૨.૯૦ લાખ રકમ પરત નહી આપી છેતરપીંડી આચરી હતી. જે અંગે મહુવા પોલીસમાં ફરિયાદ નોંધાયા બાદ પોલીસે સાવરકુંડલાના ચિંતન




રાવળની ધરપકડ કરી તેને જેલ હવાલે કરી દીધો હતો. તેના પિતા મહેશ ચંદુલાલ રાવળ નિવૃત તાલુકા વિકાસ અધિકારી છે. અને ચિંતન આ પ્રકારની છેતરપીંડીઓમાં સંડોવાયેલો હોય તેની સામે અગાઉ પણ ગુનાઓ દાખલ થયેલા હતા.

બીજી ઘટનાની વિગતો જોઇએ તો મુંબઈની સહાર પોલીસે બનાવટી વિઝાનો ઉપયોગ કરીને ન્યૂઝીલેન્ડ જવાનો પ્રયાસ કરી રહેલા ગુજરાતના વલ્લભ વિદ્યાનગરના રહીશ સિવિલ એન્જિનિયર સાગર શાહની ધરપકડ કરી હતી. વિદ્યાનગરની જ એજન્ટ પ્રિયા પટેલે સાગરને પચાસ હજાર રૂપિયા લઈ વિઝા પેપર્સ આપ્યાં હતાં. આણંદ જિલ્લાના વલ્લભ વિદ્યાનગર ખાતે નાના બજારમાં આવેલાં પદ્માવતી કોમ્પલેક્સમાં રહેતો ૨૯ વર્ષનો સાગર શાહ ન્યૂઝીલેન્ડ જવા માટે મુંબઈ એરપોર્ટ આવ્યો હતો. તે હોંગકોંગ થઈને જતી ફલાઈટ પકડવા આવ્યો હતો. જો કે ઈમિગ્રેશન તપાસ દરમિયાન એરપોર્ટ સત્તાવાળાઓને જાણવા મળ્યું હતું કે, સાગર પાસે હોંગકોંગથી ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટેનો બોર્ડિંગ પાસ નહતો. આ બાદ પૂછપરછ સમયે સાગરે દાવો કર્યો હતો કે, અમદાવાદથી મુંબઈની ફલાઈટ દરમિયાન અમદાવાદની એરલાઈને તેને અમદાવાદથી મુંબઈ અને મુંબઈથી હોંગકોંગ આ બંનેને આવરી લેતા બોર્ડિંગ પાસ ઈશ્યુ કર્યા હતાં

વધુ વિગતો અનુસાર હોંગકોગથી ન્યૂઝીલેન્ડ માટેના બોર્ડિંગ પાસ મુંબઈ એરપોર્ટ પરથી કેથે પેસેફિક એરલાઈન પાસેથી એકત્રિત કરવાની સૂચના આપવામાં આવી હતી, સાગરના આ દાવા અંગે શંકા જતા ઈમિગ્રેશન અધિકારીઓએ તેના ન્યૂઝીલેન્ડના વિઝાની ઝીણવટભરી તપાસ કરી હતી. જેમાં ઈમિગ્રેશન અધિકારીઓને આ વિઝામાં કંઈક ચેડાં કરવામાં આવ્યા હોવાનું જણાયું હતં. આ બાદ વધુ તપાસ માટે ઈમિગ્રેશન અધિકારીઓએ કેથે પેસેફિક એરલાઈન્સનો સંપર્ક કર્યો હતો અને સાગરે જણાવેલ દાવા અંગે પૂછપરછ કરી હતી. જેમાં કેથે પેસેફિકે ન્યૂઝીલેન્ડના સંચાલન કરતી એરલાઈન્સને સંપર્ક કરીને આ અંગે પૂછપરછ કરતા સાગર પાસે રહેલા વિઝા બનાવટી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

ત્યાર પછી ઈમિગ્રેશન સત્તાવાળાઓ દ્વારા વધુ પૂછપરછ કરવામાં આવતા સાગરે ગુનો કબૂલ્યો હતો અને ૨૦૧૮માં તેમણે વિદ્યાર્થી વિઝા મેળવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ કેનેડિયન સત્તાવાળાઓએ સાગરનો વિદ્યાર્થી વિઝા રદ કર્યો હતો. તેથી હવે તે ન્યૂઝીલેન્ડમાં જઈને વસવાટ કરવા માંગતો હતો. તેથી સાગરે વિદ્યાનગર, આણંદમાં એજન્ટ પ્રિયા પટેલને સંપર્ક કર્યો હતો અને આ કામ માટે એજન્ટ પ્રિયાને પચાસ હજાર રૂપિયા ચૂકવ્યા હતા. પ્રિયાએ સાગરને ન્યૂઝીલેન્ડના વિઝિટર વિઝાને લગતાં પેપર્સ આપ્યા હતા. આ વિઝા પેપરના આધારે સાગરે હોંગકોંગથી ન્યૂઝીલેન્ડ જવાનો -યાસ કર્યો હતો. આ ઘટના પ્રકાશમાં આવતા જ ઈમિગ્રેશન અધિકારીઓએ તરત જ સહાર પોલીસનો સંપર્ક કર્યો હતો અને સાગરને સહાર પોલીસના કબજે કર્યો હતો. સહાર પોલીસે આ મામલે સાગર સામે ભારતીય ન્યાય સંહિતા અને વિઝા પાસપોર્ટ એક્ટની સંબંધિત કલમો હેઠળ કેસ દાખલ થયો હતો.

### શિયાળાનો આરંભ થતાં જ તબિયતને ટનાટન રાખતા ગુણકારી ટમેટાનું વેંચાણ આપોઆપ વધી જાય

# ભાવમાં રાહત થતાં જ લાલચટક ટમેટાના વેંચાણમાં ધૂમ વધારો

## કોઈપણ શાક કે દાળમાં ટમેટાનો સાથ ભળે એટલે મોજ પડી જાયઃ સુપના ગૃહઉદ્યોગો પણ ધમધમશે

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૧૯**

શિયાળાનો આરંભ થાય એ સાથે જ સ્વાસ્થ્ય પ્રેમીઓ કાચા સલાડને વધુ પ્રમાણમાં આરોગવાનું શરૂ કરતાં હોય છે. તેમાં પણ આરોગ્યવર્ધક અને ગુણકારી ટમેટાનું સેવન વધી જતું હોય છે. રાજકોટ, ભાવનગર સહિત સૌરાષ્ટ્રભરના યાર્ડોમાં લાલચટક ટમેટાની ધૂમ આવક શરૂ થઇ ગઇ છે વળી ભાવમાં પણ ઘટાડો થઇ રહ્યો હોઇ તેના કારણે ઠેકઠેકાણે ટમેટાનું વેંચાણ વધી ગયું છે. ટમેટા સસ્તા થતા સ્વાસ્થ્ય પ્રેમીઓમાં સુપ સહિતની વાનગીઓમાં ટમેટાનો વધુમાં વધુ ઉપયોગ થવા માંડ્યો છે. તો ટમેટો સોસ સ્થાનિક લેવલે બનાવવના ગૃહઉદ્યોગોમાં પણ ટમેટાનો ભરપુર ઉપાડ થવાની શરૂઆત થઇ ચુકી છે.

શિયાળામાં લોકો સુકામેવાથી મિશ્રીત અડદીયા, પાક સહિતના પકવાનો દાબતા હોય છે. તો બીજી તરફ લીલા સલાડની સાથે ટમેટા આરોગવાનું પ્રમાણ પણ વધી જતું હોય છે. સ્વાસ્થ્યવર્ધક શિયાળાની ઋતુ જામતા અન્ય આરોગ્યવર્ધક ફળની સાથોસાથ ઉત્તમ ટોનિક ગણાતા ટમેટાના વેચાણમાં પણ ઉછાળો નોંધાયો છે. અન્ય સલાડના બદલે પ્રમાણમાં સસ્તા થતા શહેરની મુખ્ય અને પરા વિસ્તારોની શાકમાર્કેટમાં દિન પ્રતિદિન હજજારો કિલો ટમેટાનું આસાનીથી વેચાણ થઈ રહ્યુ હોવાનું ટમેટાના જથ્થાબંધ વિક્રેતાએ જણાવ્યુ હતુ. આરોગ્યવર્ધક શિયાળાની ઋતુના પ્રારંભિક તબકકામાં ખિલી ઉઠેલી લગ્નસરાની સિઝનના ભોજન સમારોહમાં આમંત્રિત મહેમાન માટે ભોજનને વધારે સ્વાદિષ્ટ બનાવતા ટમેટાના સ્પેશ્યલ સુપથી અલગ અલગ મનોહર વાનગીઓથી સભર મેનુ શરૂ થાય છે.

આ ઉપરાંત સવારના અરસામાં બપોરના ભોજન સમારોહમાં તેમજ મોડી સાંજથી ઠંડીની સિઝનમાં ગરમાગરમ સૂપના વેચાણકેન્દ્રો શહેરના વાઘાવાડી રોડ અને ઘોઘાસર્કલ સહિતના



વિવિધ સાર્વજનિક સ્થળોએ, ખાણીપીણીના વેચાણકેન્દ્રોમાં તેમજ હોટલ રેસ્ટોરન્ટમાં ધમધમવા લાગે છે. હાલ ભાવનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી ટમેટાની ધૂમ આવક થતા ટમેટાના ભાવ પ્રમાણમાં સસ્તા થયા છે. શહેરની મુખ્ય શાકમાર્કેટમાં સારી ગુણવત્તાવાળા લાલચોળ ટમેટા રૂા સાઇઠઆસપાસના ભાવે વેચાઈ રહ્યા છે. અમુક લારીઓવાળા પચાસ આસપાસના કીલો લેખે પણ જથ્થાબંધ ખરીદનારાને ટમેટા આપી દેતાં હોય છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં ટમેટા સસ્તા થતા અને ટમેટાની તુલનામાં અન્ય લીલા શાકભાજી શિયાળાની ઋતુને લઈને મોંઘાદાટ થતા ઘરે ઘરે મધ્યમવર્ગીય પરિવારોની ગૃહિણીઓ દ્વારા સેવ ટમેટાના રસાદાર શાક પરિવારજનો માટે તૈયાર કરવા તરફ વળ્યા છે. એટલુ જ નહિ ટમેટા સસ્તા થયા હોય ઘરે ઘરે ગૃહિણીઓ દ્વારા ટમેટાના ઈન્સ્ટન્ટ સુપ અને ટમેટાની ચટણી સહિતની વાનગી બનાવતી હોવાનુ જોવા મળી રહ્યુ છે. આ સાથે ટમેટા સસ્તા થતા ઘરઘરાઉ ગૃહ ઉદ્યોગ સાથે સક્રીય રીતે સંકળાયેલાઓ દ્વારા પણ મોટા પાયે ટમેટાની ખરીદી કરી ટમેટાના સુપ અને કેચઅપ વેચાણકેન્દ્રોમાં ડીલીવરી કરવા તરફ વળ્યા છે. ટમેટા સસ્તા થતા શાકમાર્કેટમાં દિન પ્રતિદિન હજજારો કિલો દેશી ટમેટાનું વેચાણ થઈ રહ્યુ છે. જેમ જેમ શિયાળો જામશે તેમ તેમ ટમેટાના ભાવમાં વધુ રાહત થતી જશે તેમ શાકભાજીના વિક્રેતાઓ જણાવી રહ્યા છે.

ટમેટા કેવા ગુણકારી છે તે પણ જોઇએ તો રોગ પ્રતિકારક શકિત મજબૂત કરતા દેશી ટમેટાનું નીયમીત સેવનકરવાથી તે પ્રોસ્ટેટ અને કેન્સરના નિવારણમાં સહાયરૂપ થાય છે. વજન ઘટાડવા માટે, પેટમાં ગરમીની સમસ્યા દૂર કરવા માટે, આંખોને સ્વસ્થ રાખવા અને તેની રોશની વધારવા માટે ખાલી પેટે ટમેટાનું સેવન કરવુ શ્રેષ્ઠ છે એટલુ જ નહિ ટમેટાનો રસ પીવાથી ત્વચાની સમસ્યા દૂર થાય છે અને તે ચમકદાર પણ બને છે તેમ નિષ્ણાંતો જણાવી રહ્યા છે. આગામી દિવસોમાં ઠંડીનો પારો જેમ ઉંચો ચડશે તેમ તેમ ટમેટાના ભાવ નીચે ઉતરવાની ખાસ કરીને ગૃહિણીઓને વધુ આશા છે.

# રૂ.૧૬.૨૧ લાખનો માલ ખરીદી ૧૧ વેપારીને પેમેન્ટ બાબતે બતાવી દીધો ઠેંગો

## ધર્મેન્દ્ર રોડ પરના વેપારી બંધુ સામે એ-ડીવીઝન પોલીસમાં નોંધાયો ગુન્હો

રાજકોટ મિરર, તા.૧૯

શહેરના ધર્મેન્દ્ર રોડ પર કપડાની દુકાન ધરાવનાર અને જુદા જુદા વેપારીઓ પાસેથી રૂ. ૧૬.૨૧ લાખનો માલ ખરીદ્યા બાદ વેપારી બંધુએ પેમેન્ટ બાબતે ઠેંગો બતાવી દેતા એ ડીવીઝન પોલીસમાં બંને ભાઈઓ સામે છેતરપીંડીની ફરિયાદ નોંધાવાઈ છે.

શહેરમાં ધર્મેન્દ્ર રોડ પર કપડાની દુકાન ધરાવતા વેપારી બંધુએ ૧૧ વેપારીઓ પાસેથી જથ્થાબંધ માલ ખરીદી રૂા. ૧૬.૨૧ લાખનો ધુંબો મારી દઈ છેતરપીંડી આચર્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. રાજકોટ હોલસેલ રેડીટાઈલ મરચન્ટ એસો.ના સભ્યો પાસેથી જથ્થાબંધ રેડીમેઈડ કપડાનીખરીદી કરી આરોપીઓ પરિવાર સાથે ભાગી જતાં ભોગ બનનાર વેપારીઓએ ફરિયાદ નોંધાવી હતી.

જાણવા મળતી વિગત મુજબ ૮૦ ફૂટ રોડ પર સત્યપાર્ક શેરી નં. ૩માં રહેતા કાપડના વેપારી એન ધર્મેન્દ્ર રોડ પર આવેલા રાજકોટ હોલસેલ ટેક્ષટાઈલ




મરચન્ટ એસોસીએશનના સભ્ય ગીરીશભાઈ ડાયાભાઈ સોલંકીએ એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ધર્મેન્દ્ર રોડ પર મનીષ ટ્રેડીંગ નામે દુકાન ધરાવતા વેપારી બંધુ મનીષ હસમુખભાઈ ઉનડકટ અને જયદીપ ઉર્ફે જોલી હસમુખભાઈ ઉનડકટના નામ આપ્યા છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ તા. ૨૦-૯-૨૨થી ૧૧-૧૦-૨૪ સુધીમાં આરોપીએ ફરિયાદી પાસેથી રૂા. ૪,૦૪,૧૨૨નો રેડીમેઈડ કપડાનો માલ ખરીદી રૂા. ૧,૧૦,૩૧૩ આપ્યા હતાં એન બાકીના રૂા. ૨,૯૩,૮૦૯ આપ્યા હતાં. આ ઉપરાંત આરોપીઓ એસોસીએશનના અન્ય વેપારીઓ એડી. બ્રધર્સના અલ્પેશભાઈ મૃગ પાસેથી રૂા. ૧,૧૬,૨૪૨, અંજલી ગારમેન્ટવાળા ભાવેશભાઈ મૃગ પાસેથી રૂા. ૨,૨૮,૫૪૮, વિશાલ ટ્રેડર્સ વાળા દિલિપભાઈ પુરોહિત પાસેથી રૂા. ૨૬,૬૨૫, રાજેશ ટ્રેડલીંક વાળા દેવેનભાઈ દોશી પાસેથી રૂા. ૬૧,૭૬૨, રાધીકા એન્ટરપ્રાઈઝવાળા નીમેષભાઈ દેસાઈ પાસેથી રૂા. ૩૪,૯૦૭, બાલાજી એન્ટરપ્રાઈઝ વાળા હસમુખભાઈ દેસાઈ પાસેથી ૧,૮૨,૫૮૯, વર્ધમાન ટ્રેડીંગ વાળા વિપુલ રૂપાણી પાસેથી રૂા. ૩,૨૨,૫૦૩, કોલેજિયન કલેકશન વાળા ધવલભાઈ વાઘેલા પાસેથી રૂા. ૬૦,૦૭૫, આદીત્ય શર્ટના એજન્ટ દિપકભાઈ ગોહેલ પાસેથી રૂા. ૨,૪૧,૯૫૩ અને ૩ડી પ્રોડક્ટના એજન્ટ દિપકભાઈ ગોહેલ પાસેથી રૂા. ૫૩,૨૬૯નો માલ લઈ રૂપિયા ચૂકવ્યા ન હતાં.

અવાર-નવાર ઉઘરાણી કરવા છતાં આરોપી બંધુ રૂપિયા આપતા ન હતા અને બંને આરોપી પોતાના પરિવાર સાથે ભાગી ગયા હોય જેથી ભોગ બનનાર વેપારીઓએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા એ ડિવિઝન પોલીસે આરોપી બંધુ સામે રૂા. ૧૬.૨૧ લાખની છેતરપીંડી કર્યાનો ગુનો નોંધી પીએસઆઈ બી.એચ. પરમારે તપાસ હાથ ધરી છે.

### ૨૦ નવેમ્બર વિશ્વ પાઈલ્સ ડે

# કબજીયાત અને આજની લાઈફસ્ટાઈલ, મળમાર્ગના રોગોને નોતરે

## પાઈલ્સની સારવારમાં અલ્ટ્રાસોનિક હાર્મોનિક ફોકસ એડવાન્સ ટેકનોલોજી નવી ક્રાંતિઃડો.એમ.વી. વેકરિયા


ડૉ. એમ. વી. વેકરીયા




રાજકોટ,તા.૧૯

દર વર્ષે ૨૦ નવેમ્બરને વર્લ્ડ પાઈલ્સ ડે તરીકે ઉજવામાં આવે છે. સૌરાષ્ટ્રના સુપ્રસિધ્ધ પ્રોક્ટોલોજીસ્ટ મળ માર્ગના નિષણાંત ડો. એમ વી. વેકરીયા હરસ, મય-કશયિં વિષે આપણને વિશેષ સધિજસ્તાર તેના થવાના કારણો, તેના તક્ષકો, હરસથી બચવાના અને ન થાય તે માટેની પરેજી, તેની વૈજ્ઞાનિક સચોટ સારવાર અને હરસની સારવાર માટે આપણા માનસમાં પ્રવતી રહેલી પ્રચલિત ગેરમાન્યતા, અંધ શ્રધ્ધા વિશે સ્પોટ માહિતી આપશે, ડો. એમ.વી.વેકરીયા સૈરાષ્ટ્રમાં સૌપ્રથમ અતિઆધુનિક ટેકનોલોજી અમેરીકન મદ્રાસોનંડ ડીનીક ફોક્સ, યુરોપિયન એડવાન્સ્ડ લેસોટ્રોનીક્સ લેસર, જર્મન ઈન્ફ્રારેડ કોએ યુલેશન (ખાઈ. આર.સી.) જાપાનીઝ હેલ-સ્ટેપલર, વેસલ સીલર, શારસૂત્ર જેવી કરસ માટેની ટેકનોલોજીનો આવિષ્કાર કરી રાજકોટ શહેરનું ગૌરવ વધારેલ છે.હરસ મસા એટલે શું? આપણા મળમાર્ગમાં રહેલી લોહીની નળીઓ રોજ બરોજ કબજીયાતના વ્રેજારના કારણે તેમજ લાઈફ સ્ટાઈલ તેમજ વારસાગતને કારણે ત્યાંની મળ માર્ગની ત્વચા-મ્યુકોઝાની નીચે રહેલી લોહીની નળીઓ ફુલાઈને ગંઠો આથળ જેવું જે બને તેને હરસ કહેવામાં આવે છે.

હરસ મસા એ મળમાર્ગમાં થતો અતિકષ્ટકાયક વ્યાધિ છે. જેમાં ખાસ કરીને અસહા દુખવો, બળતક તાથા લોઠી પડે છે. આ આચળ ગઠાને આપણે ગુજરાતીમાં હાસ મામા- હીન્દીમાં બવાસીર-સંસ્કૃતમાં અર્થ અંગ્રેજીમ પાઈલ્સ મેડીકલમાં હેમોરોઇડસ લેટીનામાં પીલા કહેવાય છે.હરસ થવાના કારણોઃ કબજીયાતને સર્વે રોગની જનની માતા કહી છે. હરસ થવામાં પણ મુખ્ય કારણ કબજીયાત છે. તેથી પહેલા તો કબજીયાત કરે તેવા આહરવિદર છોડવા બંધ કરવા, આજની લાઈફસ્ટાઈલ, મળમાર્ગના રોગોને નોતરે છે. પ્રવાહી, છારા, દૂધ, પાણી, ફુટ, સુપ, જયુસ વધારે લેવા. તેમજ પાન, બીડી, તમાકુ, ઘાડી બંધ કરવા. કબજીયાત કરે તેવો આહાર તેમજ તીખું, તળેલું તમતમતું અને મસાણાવાળો ખોરાક ઓછો લેવો, ખોરાકની અનિયમિતતા, શાઈબરલેસ ડમીટ અને ફૂલિત, શિલત ફક્ષતુ જતું પ્રમાણ, બેઠાડુ જીવન, કસરતાને અભાવ, ચિંતા, ક્રોધ અને ઉજાગરશ, સંડાસમાં અતિશય જોર કરવાની ટેવ, વારંવાર સંડાસ જવાની ટેવ, તેમજ વારંવર ઝરડા અને મવડો હવે, લેડીઝમાં પેમેન્સ દરમ્યાન તેમજ વારસાગત અને આપણા શરીરનું બંધારણ, ફિઝીયોલોજી, ગેપીટેશન વગેરે કારણોથી હરસ થાય છે.અલ્ટ્રાસોનિક હાર્મોનિક ફોકસ સ્કાલપેલ ટોટલી ઓટોમેટીક મશીન છે. જેની ડીઝાઇન એકદમ કોમ્પેક્ટ છે. તેમાં એવો કોમ્પ્યુરાઇઝડ સોફ્ટવેર પ્રોગામ છે. જેમાં કોઈ નવા રિસર્ચ ભવિષ્યમાં થાય તો તે સોફ્ટવેર પ્રોગામ તેમા અપડેટ થઈ શકે છે. એક્દમ પરફેક્ટ અને માઈક્રો ડિસેકશન થઈ શકે છે. લાર્જ વેસલ-લોહીની નળીને પણ સીલીંગ કેપેસીટી ધરાવે છે. આ મશીન ટચ સ્ક્રીનથી ઓપરેટ થાય છે. આ મશીનના મુખ્ય કાયદા એ છે કે તેમાં અલ્ટ્રાસોનીક દ્વારા સીલીંગ સાથે જ કટીંગ કરે છે. તેમાં ઈલેક્ટ્રીસીટીનો ઉપયોગ ન થતો હોવાથી બીજી બધી જ ટેકનોલોજી કરતા આજુબાજુના ટીસ્યુ મ્યુકોઝા ચામડીને નહીવત ડેમેજ કરે છે, જેથી બ્લક લોસ અને બર્નીંગ નહીં વત થાય છે. અને હીલીંગ ઝડપથી થાય છે. બેભાન કરવાની કે દાખલ થવાની જરૂર પડતી નથી,આ અતિ લેટસ્ટ મશીન ગુજરાતમાં સૌપ્રથમ રાજકોટમાં એસ્ટ્રોન ચોક ખાતે આવેલ સુષ્કૃત હોસ્પિટલમાં ઉપલબ્ધ છે. સરળતાથી સફળતાપૂર્વક આ મશીનથી સારવાર અપાઈ રહી છે

### અલગ અલગ ઘટનાઓમાં વધુ ચાર લોકોની કાયમી વિદાયઃ પરિવારજનોમાં શોકનો દરિયો

# ટેબલ પરથી પટકાતા મહિલાનું, ફિનાઈલથી વૃધ્ધાનો જીવ ગયો

## રાજકોટમાં હનુમાન મઢી પાસે રહેતાં પિસ્તાલીસ વર્ષીય વિધવા મહિલા પારકા ઘરના કામ કરવા ગયા ત્યાં પડી ગયાઃ ત્રણ સંતાન નોધારાઃ મોચીનગરના વૃધ્ધાએ બિમારી સામે થાકી આપઘાત કર્યોઃ એક યુવતિએ ઝેરથી જિંદગી ટુંકાવીઃ યુવાનને ભરખી ગયો તાવ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૯**

આ વાત સૌ કોઇ જાણે છે કે જન્મ લેનારનું મૃત્યુ નિશ્રીત છે પરંતુ અકાળે આવી જતાં કાળના તેડા અનેક પરિવારોના હર્યાભર્યા પરિવારના માળાને વેરણછેરણ કરી નાખે છે. અલગ અલગ કારણોસર અપમૃત્યુની ઘટના રાજકોટ શહેરમાં રોજબરોજ બનતી રહે છે. વધુ આવા ચાર બનાવોમાં ચાર પરિવારોએ સ્વજનોને ગુમાવી દેતાં શોકની કાલીમા છવાઇ ગઇ છે. ત્રણ સંતાનના આધારસ્તંભ એવા વિધવા મહિલા પારકા ઘરના કામ કરવા ગયા હોઇ ત્યાં ટેબલ પરથી પટકાતાં જીવ ગયો હતો. એક વૃધ્ધા બિમારીથી થાકી ફિનાઇલ પી દુનિયા છોડી ગયા હતાં. એક યુવતિએ અકળ કારણોસર ઝેર પી જીવ દીધો હતો. તો એક યુવાનને તાવ ભરખી ગયો હતો.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો રૈયા રોડ પર હનુમાન મઢી પાછળ હિરામનનગરમાં રહેતાં મહિલા નજીકની અલ્કાપુરી સોસાયટીમાં ઘરકામ કરવા ગયા હતાં ત્યારે ટેબલ પરથી અકસ્માતે પડી જતાં માથામાં ગંભીર ઇજા થતાં મોત નિપજતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. વધુ માહિતી અનુસાર હનુમાન મઢી પાછળ હિરામનનગર મેઇન રોડ પર રહેતાં પિસ્તાલીસ વર્ષના ઉષાબેન સંજયભાઇ બાવળીયા-કોળી નામના મહિલા ગઇકાલે હનુમાન મઢી નજીક અલ્કાપુરી સોસાયટી-૨/૧૧ના ખુણે શબનભાઇ ચારણીયાના ઘરે ઘરકામ કરવા ગયા હતાં ત્યારે ટેબલ પર ચડીને કોઇ કામ કરી રહ્યા હતાં તે વખતે અકસ્માતે પડી જતાં માથામાં ગંભીર ઇજા થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. અહિ તેમને વેન્ટીલેટર પર રાખવામાં આવ્યા હતાં.

સિવિલના ડોક્ટરોએ તેમને બચાવવા ખુબ પ્રયાસ કર્યો હતો. પરંતુ કમનસિબે રાત્રે તેમનું મૃત્યુ નિપજતાં શોક છવાઇ ગયો હતો. ગાંધીગ્રામા પોલીસ સ્ટેશનના પી. બી. વારોતરીયાએ જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર ઉષાબેનને સંતાનમાં બે દિકરી અને એક નાનો દિકરો છે. જેમાં એક દિકરીના લગ્ન થઇ ગયા છે. અગાઉ ઉષાબેનના પતિનું અવસાન થયું હોઇ તેણી પારકા ઘરના કામ કરી ત્રણેય સંતાનો, પરિવારોનું ગુજરાન ચલાવતાં હતાં. તેઓ ખુબ મહેનતુ અને પરિવાર માટે આધારસ્તંભ હતાં. ઘટનાથી અડોશ





પડોશમાં શોક વ્યાપી ગયો હતો.

બીજા બનાવમાં જામનગર રોડ પર મોચીનગર-૬માં રહેતાં સાંઇઠ વર્ષના જોહરાબેન હાસમાભાઇ આમદાણી નામના વૃધ્ધાએ ગઇકાલે સાંજે ઘરે ફિનાઇલ ગટગટાવી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ રાત્રીના મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફ મારફત ગાંધીગ્રામ પોલીસને જાણ કરવામાં આવી હતી. જોહરાબેનને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પતિ મંડપ સર્વિસમાં કામ કરે છે. માનસિક બિમારીથી કંટાળીને તેમણે આ પગલુ ભરી લીધાનું સગાએ જણાવતાં પોલીસે જરૂરી કાર્યવી કરી હતી.

ત્રીજા બનાવમાં બોટાદની યુવતિએ ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન રાજકોટમાં મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. જાણવા મળ્યા મુજબ બોટાદ રહેતી બીનલબેન રામજીભાઇ જાદવ નામની એકવીસ વર્ષની યુવતિએ ઘરે ઘઉંમાં રાખવાની દવા પી લેતાં તબિયત બગડતાં સ્થાનિક હોસ્પિટલમાં સારવાર બાદ રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. અહિ તેણીએ દમ તોડી દેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. સદ્દભાવના હોસ્પિટલ મારફત બનાવની જાણ થતાં યુનિવિર્સટી પોલીસે કાર્યવાહી કરી કાગળો બોટાદ પોલીસને મોકલતાં કારણ જાણવા વિશેષ તપાસ યથાવત રાખી હતી.

ચોથા બનાવમાં મેટોડામાં રહેતાં મુળ એમપીના વીસ વર્ષના યુવાનનું તાવથી મોત થયું છે. પાંચેક દિવસથી યુવાનને તાવ આવતો હોઇ દવા સારવાર ચાલુ હતી. દરમિયાન તેની તબિયત બગડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા બાદ મૃત્યુ થયુ હતું. સારવાર વખતે પોલીસને આ યુવાને ઝેરી દવા પીધાની શંકા ઉપજતાં એમએલસી કેસ જાહેર કર્યો હતો. પોસ્ટમોર્ટમ બાદ વિસેરા લેવાયા છે. રિપોર્ટ આવ્યા બાદ મોતનું ચોક્કસ કારણ બહાર આવશે. વધુ માહિતી અનુસાર મેટોડા ગેઇટ નં. ૨માં ઓસવાલ કન્ટ્રોલ પ્રા.લિ. પાસે રહેતો વીસ વર્ષનો મોનુ લક્ષમણભાઇ બંસલ ઘરે હતો ત્યારે તબિયત બગડતાં બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયો હતો. અહિ તેણે ઝેર પીધાની તબિબને શંકા ઉપજતાં પોલીસ કેસ જાહેર કર્યો હતો.

જો કે રાતે તેનું મોત થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફ દ્વારા મેટોડા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે યુવાનના માતાનું નિવેદન નોંધતા તેણીએ કહ્યું હતું કે દિકરા મોનુએ દવા નહોતી પીધી, તેને પાંચેક દિવસથી તાવ આવતો હોઇ તેની દવા ચાલુ હતી. તે ચાર ભાઇ અને એક બહેનમાં વચેટ હતો અને કારખાનામાં કામ કરતો હતો. યુવાન દિકરાના મોતથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મોતનું ચોક્કસકારણ વિસેરા રિપોર્ટ આવ્યા પછી બહાર આવશે. આમ વધુ ચાર ઘટનાઓમાં ચાર પરિવારોએ સ્વજનો ગુમાવી દેતાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી.

### વારંવાર ટ્રાવેલીંગ કરતી મહિલાએ બસ ક્યારે ઉપડે છે? તે જાણવા ફોન નંબર લીધા પછી ગૂડ મોર્નિંગના મેસેજનો સિલસિલો શરૂ થયો અને વાત દૂષ્કર્મ સુધી પહોંચી ગઇઃ વંથલી ટીનમસના શખ્સને રાજકોટ પોલીસે ઉઠાવી લીધો

# પરિણીતા પર બસ ચાલકનો બળાત્કારઃ શરીરે બચકા ભર્યા!

### મહિલા પોતાની દિકરીના અવસાન બાદ ઉદાસ રહેતી હતી, પતિ નશાના રવાડે ચડી ગયો હતોઃ આવા સમયે ત્રણ સંતાનના પિતા એવા શખ્સે લગ્નની લાલચ દઇ ફસાવી સિતમ ગુજાર્યોઃ જેલમાં જવાનો વારો આવ્યો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૧૯**

બળજબરી, પજવણી, છેડતી, દૂષ્કર્મની ઘટનાઓ અવાર-નવાર પોલીસ ચોપડે ચડતી હોય છે. આવા બનાવોમાં ઘણીવાર પરણેલા ઢગાઓ પણ ભાન ભુલી જતાં હોય છે અને ન કરવાનું કરી બેસે છે. પછી જેલમાં જવાની નોબત આવી પડે છે. આવી જ એક ઘટનામાં વંથલીના ટીનમસ ગામના ખાનગી બસના ડ્રાઇવર કે જે ત્રણ સંતાનનો પિતા છે તેણે રાજકોટની ત્રણ સંતાનની માતાને ફસાવી વારંવાર બળાત્કાર ગુજારી તેને શરીરે બચકા ભરી ધક્કો દઇ પછાડી સિતમ ગુજારી સતત શોષણ કરતાં મહિલાએ નાછુટકે પોલીસની મદદ લેવી પડી હતી. તાલુકા પોલીસે આ કિસ્સામાં બળાત્કારનો ગુનો નોંધી આરોપી બસ ચાલકને અટકાયતમાં લેવાની કાર્યવાહી કરી હતી.

લાલબત્તી સમાન એવી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો રાજકોટની ત્રણ સંતાનની માતા એવી મહિલા અવાર-નવાર રાજકોટથી જુનાગઢ ખાનગી બસમાં ટ્રાવેલીંગ કરતી હોઇ તેની ઓળખાણ ટ્રાવેલ બસના ડ્રાઇવર વંથલીના ટીનમસ ગામના ત્રણ સંતાનના પિતા સાથે થતાં બસ ટીકીટના બૂકીંગ માટે ડ્રાઇવર સાથે ફોન નંબરની આપલે કરી હતી. પણ મહિલાને ખબર નહોતી કે તે ફોન નંબર આપીને ભુલ કરી બેઠી છે. મહિલાના નંબર મળી ગયા હોઇ બસ ડ્રાઇવરે ગૂડ મોર્નિંગના મેસેજ મોકલવાનું ચાલુ કરી એ દરમિયાન મહિલાને પતિ સાથે મનમેળ ન રહેતો હોઇ આ શખ્સે તેણીને સાંત્વના આપી છુટાછેડા લઇ લેશે તો પોતે બાળકોનું અને તેણીનું ધ્યાન રાખશે તેમ કહી એક દિવસ ઘરે આવી લગ્ન કરી જ લેવા છે તેમ કહી બળજબરીથી શરીર સંબંધ બાંધી લેતાં અને બાદમાં આવુ અવાર-નવાર કરતાં તેમજ એક દિવસ તેણીએ ઇન્કાર કરતાં તેને પીઠ, ખભા પર બટકા ભરી લઇ ધક્કો મારી પછાડતાં માથામાં, હાથમાં ઇજાઓ થતાં આ શખ્સે કોઇને વાત કરી તો મારી નાખીશ તેવી ધમકી આપી શોષણ ચાલુ રાખતાં અંતે એફઆઇઆર દાખલ કરાવતાં તાલુકા પોલીસે ભોગ બનનાર ચોત્રીસ વર્ષિય મહિલાની ફરિયાદ પરથી જુનાગઢના વંથલી તાબેના ટીનમસ ગામે રહેતાં રાહુલ લાખાભાઇ હુંબલ નામના બત્રીસ વર્ષના શખ્સ વિરૂધ્ધ અવાર-નવાર ફરિયાદી મહિલ સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધી મારકુટ કરી શરીરે બટકા ભરી લઇ કોઇને જાણ કરીશ તો મારી નાખીશ તેવી ધમકી આપવાનો ગુનો દાખલ કર્યો છે.

આ બનાવમાં દૂષ્કર્મનો ભોગ બનેલી મહિલાએ એફઆઇઆરમાં જણાવ્યું છે તેની વિગતો તેના જ શબ્દોમાં જોઇએ તો તેણે લખાવ્યું છે કે હું રાજકોટમાં રહુ છું અને મારે ત્રણ સંતાન છે, છુટક કામ કરીને હું ગુજરાન ચલાવુ છું. વર્ષ ૨૦૨૨ના ફેબ્રુઆરી મહિનામાં હું સુરતથી કેશોજ રૂટની રાઘવ ટ્રાવેલ્સની બસમાં રાજકોટથી



જુનાગઢ જતી હતી ત્યારે બસના ડ્રાઇવર રાહુલ લાખાભાઇ હુંબલ (રહે. ટીનમસ તા. વંથલી) સાથે ઓળખાણ થઇ હતી. મારે અવાર-નવાર ટ્રાવેલીંગ કરવાનું હોવાથી મેં રાહુલને તેના બસનો સવારનો સમય કેટલા વાગ્યાનો છે? તેમ પુછતાં તેણે દરરોજ સવારે સાડા સાતે બસ ઉપડે છે તેવી વિગત આપી હતી.

મારે બૂકીંગ કરાવવાનું હોઇ તેમ વાત કરતાં તેણે મોબાઇલ નંબર આપ્યો હતો. તેમજ કહેલુ કે તમારો નંબર આપો તો હું સેવ કરી લઉ, હું અજાણ્યા ફોન ઉપાડતો નથી. એ પછી બીજા દિવસે જુનાગઢથી પાછા રાજકોટ આવવા મારે ટીકીટ બૂકીંગ કરાવવી હોઇ મેં રાહુલે આપેલા ફોન પર સંપર્ક કર્યો હતો. ત્યારબાદ તેણે ગૂડ મોર્નિંગના મેસેજ મોકલવાનું ચાલુ કર્યુ હતું. પરંતુ હું તેને જવાબ આપતી નહોતી. બાદ મારી એક દિકરીનું અવસાન થતાં હું ડિપ્રેશનમાં રહેવા માંડી હોઇ પતિ પણ દારૂ પીવાના રવાડે ચડી ગયા હોઇ અને કામ ધંધામાં ધ્યાન દેતાં ન હોઇ અવાર-નવાર બોલાચાલી ઝઘડા થતાં હતાં. આ કારણે અમારા સંબંધ બગડી ગયા હતાં.

એ દરમિયાન રાહુલે મને મેસેજ કરતાં મારે તેની સાથે વાતચીત ચાલુ થઇ હતી. તે મને સતત સાંત્વના આપતો હતો જેથી હું તેની સાથે વધુ વાતો કરતી થઇ હતી. ત્યારબાદ અમારા સંબંધ ગાઢ બનવા માંડ્યા હતાં. રાહુલે મને કહેલુ કે તું મારા ઘરે આવ અને મારા પરિવારની મુલાકાત લે, બધા સાથે હળેમળે તો તારુ દુઃખ હળવુ થઇ જાય. આથી ૫/૬/૨૨ના રોજ હું તેના ઘરે તેના માતા-પિતા, તેની પત્નિ અને તેની બે દિકરીઓને મળી હતી. આ પછી અમારી વચ્ચે ઘરે આવવા જવાના સંબંધ સ્થપાયા હતાં. બીજી તરફ મારો પતિ રોજ દારૂ પી મારકુટ કરતો હોઇ તે વાત મેં રાહુલને કરી હોઇ રાહુલે કહેલુ કે તું પતિ સાથે છુટાછેડા લઇ લે, તું શું કામ આવુ દુઃખ સહન કરશે છે? મેં કહેલુ કે છુટાછેડા લઉ તો હું એકલી થઇ જઇશ. આથી રાહુલે કહેલુ કેતું છુટાછેડા લે પછી હું તારી સાથે લગ્ન કરીશ, તારુ અને તારા બાળકોનું ધ્યાન રાખીશ. આ પછી જુલાઇ-૨૦૨૪માં રાહુલ રાજકોટ આવેલો અને સાંજે ચારેક વાગ્યે તે મારા ઘરે આવ્યો હતો. પતિ બહાર હતાં અને બાળકો પણ શાળાએ ગયા હતાં. આ વખતે રાહુલે શારીરિક સંબંધ બાંધવાની વાત કરતાં મેં ના પાડતાં તેણે બળજબરીથી સંબંધ બાંધી લીધા હતાં

તે વખતે તેણે કહેલુકે તારા છુટાછેડા થઇ જશે પછી આપણે સાથે જ રહેવાનું છે, તો આ બધુ કરવામાં વાંધો નહિ. ત્યારબાદ આજથી દોઢેક મહિના પહેલા મારા પતિ સાથે છુટાછેડા થઇ ગયા હતાં. હું મારા બાળકો સાથે એકલી જ રહેતી હતી. આ પછી રાહુલ અવાર-નવાર રાતે ઘરે આવતો અને બાળકો સુતા હોય ત્યારે બળજબરીથી શરીર સંબંધ બાંધી લેતો હતો. હું ના પાડુ તો લગ્ન કરી જ લેવાના છે તેવી લાલચ આપતો હતો. અગાઉ તેણે મને શરીર સંબંધ બાંધવાનું કહેતાં મેં ના પાડતાં બળજબરી કરી મને પીઠમાં અને ખભા પર બટકા ભરી લીધા હતાં.

હું ભાગવા જતાં મને પકડી ધક્કો મારતાં કબાટમાં મારુ માથુ ભટકાતાં મને માથામાં અને કોણીમાં ઇજા થઇ હતી. ત્યારે પણ તેણે મને જોઇ કોઇને વાત કરીશ તો જીવવા જેવી નહિ રહેવા દઉ અને ક્યાંય મોઢુ બતાવવા જેવી નહિ રહેવા દઉ કહી ધમકી આપી હતી. અંતે મારે ફરિયાદ નોંધાવવી પડી હતી. તેમ વધુમાં તેણીએ કહેતાં તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર ડી. એમ. હરિપરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ કે. એચ. કારેણાએ ગુનો દાખલ કર્યો હતો. આરોપી સકંજામાં આવી જતાં વધુ તપાસ પીએસઆઇ બી. આર. ભરવાડે હાથ ધરી છે. આમ વધુ એક પરિણીતા એક પરણેલાની જાળમાં ફસાઇ જતાં દૂષ્કર્મનો ભોગ બની હતી. ફોન નંબરની આપ લે, મેસેજની શરૂઆત છેક દૂષ્કર્મ સુધી પહોંચી ગઇ હતી.

---

**મર્ડર, મારામારી, ચોરીમાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે 'લાલી'**

# દેશી તમંચો-જીવતા કારતુસ સાથે સાવન વાઘેલાને દબોચતી SOG

### SOGના PI એસ.એમ. જાડેજા સહિતની ટીમે ભીસ્તીવાડ પાસેથી સાવનને ઝડપી રૂ.૫૨૦૦નો મુદ્દામલ કર્યો કબજે

રાજકોટ મિરર, તા.૧૯

શહેર એસઓજીની ટીમે વધુ એક વખત નોંધપાત્ર કામગીરી કરી છે. અગાઉ મારામારી, ચોરી, મર્ડરમાં સંડોવાઈ ચૂકેલા શખ્સને દેશી તમંચો તથા કારટીસ સાથે પકડી લીધો છે. ગુનેગારો અને અસામાજિક તત્વો દ્વારા ગેરકાયદેસર અગ્નિશસ્ત્રો અને દારૂગોળાનાં ઉત્પાદન, સંગ્રહ, હેરાફેરી, વેચાણ અને ઉપયોગ સંબંધીત પ્રવૃતિ ઉપર નિયંત્રણ લાવવા અન્વયે ખાસ ઝુંબેશ સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરાયું હતું.

તે અંતર્ગત એસઓજીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ બાળા, સિધ્ધરાજસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ વીર દેવસિંહ જાડેજાને મળેલી બાતમી પરથી સાવન ઉર્ફે લાલી સંજયભાઈ વાઘેલા (ઉ.વ.૨૮ રહે.સાંઢીયા પુલ પાસે વાલ્મીકવાડી ઝું૫ડપટ્ટી જામનગર રોડ)ને દેશી બનાવટનો તમંચો તથા



જીવતા કારતુસ સાથે ભીસ્તીવાડ પાસે તોપખાના વાલ્મિકીવાડીના ગેઈટ પાસે પંચનાં મેલડી માતાજીનાં મંદિરના ઓટલા પાસેથી પકડી લીધો હતો. રૂ.૫ હજારનો તમંચો અને રૂ. ૨૦૦ નાં તમંચો અને કારટીસ આ શખ્સ કોની પાસેથી લાવ્યો તેની તપાસ હાથ ધરવામાં આવી છે.

શહેરના ઈન્ચાર્જ પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા તથા નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઈમ અને સ્પેશયલ બ્રાન્ચ) ડો.પાર્થરાજસિંહ ગોહીલ તથા મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઈમ) ભરત બી.બસીયાની સૂચના અન્વયે પોલીસ ઈન્સપેકટર એસ.એમ.જાડેજાના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી શાખાના પો. સબ.ઈન્સ. એન.વી.હરીયાણી તથા પો.હેડ.કોન્સ સિધ્ધરાજસિંહ જાડેજા તથા રાજેશભાઈ બાળા તથા અજયભાઈ ચૌહાણ તથા જીજ્ઞેશભાઈ અમરેલીયા તથા યુવરાજસિંહ જાડેજા તથા પો.કોન્સ. વિરદેવસિંહ જાડેજા તથા મુકેશભાઈ ડાંગરે આ કામગીરી કરી હતી.

---

# આંબેડકરનગરમાંથી દારૂની ૧૮ બોટલ સાથે મહિલા પકડાઈ

### પોલીસે રૂ.૧૮૦૦નો મુદ્દામાલ કબજે કરી શરૂ કરી તપાસ

રાજકોટ મિરર, તા.૧૯

માલવિયાનગર પોલીસે બાતમીના આધારે શહેરના આંબેડકરનગરમાં દારૂ દરોડો પાડીને એક મહિલાને, રૂ. ૧૮૦૦ની કિમતની દારૂની ૧૮ બોટલ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ બાબતે મળતી વિગતો મુજબ માલવિયાનગર પોલીસે બાતમીના આધારે આંબેડકર નગરમ શેરી-૧૪, એસટી વર્કશોપ પાછળ રહેતી ભાનુ ભુપેન્દ્ર ચાવડાના મકાન પર દરોડો પાડતા પોલીસને ત્યાંથી રૂ. ૧૮૦૦ની ૧૮ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. આ તકે પોલીસે મુદ્દામલ કબજે કરી, ભાનુ ચાવડા સામે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**રૈયાધાર વિસ્તારમાંથી યુવાન ગૂમ**

શહેરના રૈયાધાર વિસ્તારમા આવેલી રાધેશ્યામ ગૌશાળા પાસે રહેતો એક યુવાન ભેદી સંજોગોમાં ગૂમ થઇ જતા તેમના પિતાએ ગાંધીગ્રામ પોલીસમાં જાણ કરી છે.

આ અંગે મળતી વિગતો મુજબ શહેરના રૈયાધાર વિસ્તારમાં આવેલી રાધેશ્યામ ગૌશાળા પાસે, મફતિયા પરામાં રહેતા ગોપાલભાઈ કેશાભાઇ વઢિયારાએ ગાંધીગ્રામ(યુનિ)-૨ પોલીસમાં જાહેરાત કરીને તેમનો પુત્ર ગૌત્તમ (ઉ.વ.૨૧) ગત તા. ૧૮ ના રોજ પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યો ગયો છે.

આ બાબતે ગૂમ થયેલા ગૌત્તમના પિતા ગોપાલભાઈએ રાજકોટ મિરરને જણાવ્યું હતું કે, તેમનો પુત્ર શાકભાજીનો ધંધો કરે છે.

અગાઉ લગ્ન કર્યા હતા પણ હાલ છૂટાછેડા લીધેલા છે. ફરિયાદી ગોપાલભાઈને ત્રણ સંતાનો છે. જેમાં એક દીકરી અને બે દીકરા છે. જેમાં ગુમ થનાર ગૌત્તમ સૌથી મોટો છે. કોઈ જાતનું વ્યાસન નથી. આ બનાવની વધુ તપાસ પીએસઆઈ એન.કે.પડ્યા દ્વારા હાથ ધરાઈ છે.

---

## અવસાન નોંધ

**રાજકોટ :** મૂળ ચાંદલી હાલ રાજકોટ યોગેન્દ્રસિંહ લખધીરસિંહ જાડેજા તે ભચલુભા બહાદુરસિંહ જાડેજા, બલભદ્રસિંહ જાડેજા અને કિરીટસિંહ જાડેજાના ભત્રીજા, પ્રિન્સરાજસિંહ અને કૃષ્ણરાજસિંહ જાડેજાના પિતાનું તા.૧૭ના રોજ અવસાન થયું છે. બેસણું તા,૨૧ ને ગુરુવારે, સાંજે ૪થીક, તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

**રાજકોટ :** પરજીયા સોની, મૂળ કુતિયાણાના અને હાલ રાજકોટ સ્વ. અનંતરાય ઘઘડાના પુત્ર અતુલકુમાર અનંતરાય ઘઘડા (ઉ.વ. ૫૫) જે યોગ અતુલભાઈ ઘઘડા, પૂજા દવે અને કિરણ શાહના પિતા તેમજ ગૌરવ દવે (પત્રકાર - ઝી-૨૪ કલાક) અને તેજશ શાહ (ગુજરાતી નાટય કલાકાર-મુંબઈ)ના સસરા તા. ૧૮/૧૧/૨૦૨૪ના શ્રીજી ચરણ પામ્યા છે. સદગતનું બેસણું તા. ૨૧/૧૧/૨૦૨૪ના તેમના નિવાસ સ્થાન એ - વિંગ ખુદીરામ બોઝ ટાઉનશીપ, સાધુવાસવાણી કુંજ રોડ, રેલનગર ખાતે સાંજે ૪ થી ૬ રાખેલ છે.

## શુભ લગ્ન

### પારડી(રાજકોટ) નિવાસી સ્વ.ચંદ્રકાંતભાઈ ભુવાના સુપુત્ર ચિ. યશના ૨૫મીએ શુભ લગ્ન

પારડી(રાજકોટ) નિવાસી સ્વ.ચંદ્રકાંતભાઈ મેઘજીભાઈ ભુવાના સુપુત્ર ચિ. યશના શુભ લગ્ન તા. ૨૫ ને સોમવારના રોજ આણંદપર નિવાસી ભરતભાઈ તેજાભાઈ ફળદુની સુપુત્રી ચિ. કાજલ સાથે નિર્ધાર્યા છે. કાલાવડ તાલુકાના આણંદપર ગામે લેવા પટેલ સમાજની વાડીમાં યોજાનાર આ શુભ લગ્ન પ્રસંગે, વગડ ચોકડી, ક્રિશ્ના પાર્ટી પ્લોટ, રાજકોટ ખાતે આયોજિત કાર્યક્રમમાં તા. ૨૪ના રોજ બપોરે ૧-૦૦ કલાકે સાંજીના ગીત, બપોરે ૧-૩૦ કલાકે મંડપ મુહૂર્ત, રાત્રે ૮-૩૦ કલાકે દાંડિયારાસ, તા. ૨૫ના રોજ ૧-૩૦ કલાકે જાન પ્રસ્થાન, તેમજ સાંજના ૭:૩૦ વાગ્યે હસ્તમેળાપ છે. આ શુભલગ્ન પ્રસંગે આમંત્રિત મહેમાનોએ ઉપસ્થિત રહી નવ દંપતિને આશીર્વાદ આપવા ભુવા પરિવારનો અનુરોધ છે.

---

### PMJAYના નામે સરકારનું કરોડોનું કરી નાખનારાઓને આરોગ્ય વિભાગે દીધો આકરો ડોઝ

# કૌભાંડનો કકળાટઃ ૭ હોસ્પિટલ બ્લેકલિસ્ટ, ૪ તબિબ સસ્પેન્ડ

### રાજકોટની નિહિતી બેબી કરે સહિત સોમનાથ, વડોદરા, સુરત, અમદાવાદની હોસ્પિટલો સામે કાર્યવાહી પીએમજયના નામે દર્દીઓને હાથો બનાવી કમાણી કરનારાઓના કાળા કરતૂતે સૌને ચોંકાવ્યા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૧૯**

સરકારની દર્દીઓને લાભ આપતી પીએમજય યોજનાનો ગેરલાભ લઇ અમુક હોસ્પિટલના સંચાલકો, ડોક્ટરોએ કમાઇ લેવાની હાટડી માંડી હોવાનો પર્દાફાશ ખ્યાતિ હોસ્પિટલના કાંડ બાદ થતાં સરકાર આકરી બની છે અને રાજકોટ, ગીર સોમનાથ, સુરત, અમદાવાદની સાત હોસ્પિટલને આકરો ડોઝ આપી સાતેયને પીએમજય યોજનામાંથી બ્લેકલિસ્ટ જાહેર કરી દીધી છે. તો સાથે સાથે ચાર સુપરસ્પેશિયાલિસ્ટ ડોક્ટરોને પણ સસ્પેન્ડ કરી દેતાં તબિબી આલમમાં ચકચાર મચી ગઇ છે.

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ કાંડ બાદ રાજ્ય સરકાર એક્શનમાં આવી છે. જેમાં રાજ્યની સાત હોસ્પિટલને બ્લેકલિસ્ટ કરી દેવાઈ છે. તો સાથે જ ચાર સ્પેશિયાલિસ્ટ ડોક્ટરને પણ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. પીએમજેવાય યોજનામાંથી ખ્યાતિ સહિત સાત હોસ્પિટલોને સસ્પેન્ડ કરી દેવામાં આવી છે. જેમાં અમદાવાદની ૩, સુરત-વડોદરા-રાજકોટની ૧-૧ તથા ગીર સોમનાથની એક હોસ્પિટલનો સમાવેશ થાય છે. તેમજ સાત હોસ્પિટલની સાથે-સાથે ચાર સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેમાં ડો. પ્રશાંત વઝીરાણી, ડો.હિરેન મશરૂ, ડો. કેતન કાલરિયા અને ડો.મિહિર શાહનો સમાવેશ થાય છે.

રાજકોટની નિહિત બેબી કેર હોસ્પિટલના તબીબ ડો. હિરેન મશરૂએ બાળકોના ખોટા રિપોર્ટ બનાવી સરકાર પાસેથી બે કરોડથી વધુની રકમ અયોગ્ય રીતે ઓળવી લીધી હતી. જેમાં તેમણે સ્વસ્થ બાળકોને બીમાર બતાવ્યાં હતાં. આ માટે તેણે લેબ સાથે પણ સાઠગાંઠ કરી હતી. આરોગ્ય વિભાગ દ્વારા હોસ્પિટલમાં તપાસ કરવામાં આવતાં આ સમગ્ર કૌભાંડનો ઘટસ્ફોટ થયો હતો અને દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. તપાસ થતાં રાજકોટના લક્ષ્મીનગર મેઈન રોડ પર આવેલી આ નિહિત બેબી કેર હોસ્પિટલને રાજ્યના આરોગ્ય કમિશનર વિભાગ દ્વારા રૂપિયા




૬,૫૪,૭૯,૫૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. હોસ્પિટલ દ્વારા બાળકોના ખોટા દસ્તાવેજો આયુષ્યમાન પોર્ટલ પર મૂકી કરોડોનું કૌભાંડ આચરવામાં આવ્યું હતું, જેના આધારે કાર્યવાહી કરી દંડ ફટકારવામાં આવ્યો હતો. ગાંધીનગર આરોગ્ય વિભાગે નિહિત બેબી કેર હોસ્પિટલના ડોક્ટર હિરેન મશરૂને પેનલ્ટીનો લેટર મોકલ્યો હતો. ૧૦ ગણી રકમ પેનલ્ટી સ્વરૂપે સરકાર વસૂલશે અને તેમની હોસ્પિટલને પણ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવી છે.

તેમજ અમદાવાદમાં રાજપથ ક્લબ સામે આવેલી ખ્યાતિ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલે કડીના બોરીસણા ગામના ૧૯ લોકોની બારોબાર એન્જિયોગ્રાફી અને તેમાંના ૭ની એન્જિયોપ્લાસ્ટી કરી નાખીન પીએમજેય (પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના)થી પૈસા પડાવી લેવા કાળાં કરતૂત કર્યા હતાં. આ ૭માંથી ૨ લોકોનાં મોત થઈ ગયાં હતાં. અમદાવાદમાં આવેલી ખ્યાતિ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલે છેલ્લા છ જ મહિનામાં સરકાર પાસેથી ૩ કરોડ ૬૬ લાખ ૮૭ હજાર ૧૪૩ રૂપિયા ઓળવી લીધા હોવાના પુરાવા છે. ૧ જૂન-૨૦૨૪થી લઈને ૧૨ નવેમ્બર-૨૦૨૪ સુધીની વાત કરીએ તો કુલ ૬૫૦ કેસમાંથી આ રકમ ઓળવી લેવામાં આવી હતી, જેમાંથી ૬૦૫ તો કાડિયોલોજી કેસના જ ૨.૭૭ કરોડ ઓળવી લીધા. કુલ ૪૫ સર્જરી પેટે સરકારમાંથી ૮૯.૮૭ લાખની રકમ ઓળવી લીધી. તો છેલ્લા છ જ મહિનામાં ૩૮૦ એન્જિયોગ્રાફી, ૨૨૦ એન્જિયોપ્લાસ્ટી અને ૩૬ બાયપાસ સર્જરી પણ છ મહિનામાં કરી નાખી. હતી.

જ્યારે વડોદરાના માંજલપુર ખાતે આવેલી સનસાઇન ગ્લોબલ હોસ્પિટલના યુનિટ હેડ ડો. મિનલ સોલંકીએ જણાવ્યું હતું કે, અમારી હોસ્પિટલ ૧૦ વર્ષથી આયુષ્માન કાર્ડમાં સેવા આપે છે. અમારી હોસ્પિટલની ઓન્કોલોજી સારવારને આયુષ્માન કાર્ડમાંથી ૩ માસ માટે દૂર કરવામાં આવી છે. ડોક્યુમેન્ટમાં ક્ષતિના કારણે ત્રણ મહિના માટે આયુષ્માન કાર્ડમાંથી હોસ્પિટલને સસ્પેન્ડ કરવામાં આવી છે. આમ સરકારે રાજકોટ સહિત સાત હોસ્પિટલોને પીએમજય યોજનામાંથી તત્કાળ સસ્પેન્ડ કરી, બ્લેકલિસ્ટ કરી ચાર ડોક્ટરોને પણ સસ્પેન્ડ કરી દાખલો બેસાડ્યો છે.







### ૫૧મી વર્ષગાંઠ નિમિત્તે યોજાયેલ જનરલ બોર્ડ રહ્યું તોફાની : તમામ છ દરખાસ્તો મંજૂર

# જનરલ બોર્ડ એ કોઈ ફિલ્મનું શૂટિંગ નથી : જયમીન ઠાકર

## વિપક્ષના વશરામ સાગઠીયાએ કર્યો હલ્લાબોલ, રોગચારો ૧૧૦૦ કરોડનું ટેન્ડર સહિતના વિવિધ મુદ્દે કરી ઉગ્ર રજૂઆત : માત્ર એક પ્રશ્નમાં જ બોર્ડ પૂર્ણ

રાજકોટ, તા.૧૯

મહાનગરપાલિકા નું ગઈકાલે જનરલ બોર્ડ મળ્યું હતું જેમાં દર વખતની જેમ આ બોર્ડ બેઠક પણ અત્યંત રોમાંચક રહી હતી અને વિપક્ષના વશરામ સાગઠીયાને સભાખંડમાંથી હાંકી કઢાયા હતા. મ્યુનિસિપલ કમિશનર દેવાંગ દેસાઈ રજા ઉપર હોવાના કારણે ડેપ્યુટી કમિશનર સ્વપિનલ ખરે દ્વારા બોર્ડની કાર્યવાહી કરવામાં આવી હતી. ભાજપના કોર્પોરેટર મગન સોરઠીયાએ અમૃત મિશનના તમામ કામોનો હિસાબ કમિશનર પાસેથી માંગ્યો હતો અને તે પ્રશ્ન શરૂ થાય તેની સાથે જ વિપક્ષી નેતા વશરામ સાગઠીયાએ ઉભા થઈ લોકોના વિકાસના કામો અને તેમની સમસ્યાઓની ચર્ચા થવી જોઈએ અને રોગચાળો જે રીતે વકર્યો તેમાં કોની જવાબદારી સાથોસાત ૧૧૦૦ કરોડના ટેન્ડરમાં કોનો કોનો ભાગ તેવા કોભાંડો સાથેના આક્ષેપો કરવામાં આવ્યો હતો ત્યારે શાસક પક્ષ પણ વશરામ સાગઠીયા પર તૂટી પડ્યા હતા અને ક્રમ મુજબ પ્રશ્નનો જવાબ આપવામાં આવશે તેવું કહી વશરામ સાગઠીયા ની બોર્ડમાંથી હકાલપટ્ટી કરવામાં આવી હતી.

મહાનગરપાલિકાના જનરલ બોર્ડમાં જે એજન્ડા પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો તેમાં ભાજપના ૧૬ કોર્પોરેટર અને કોંગ્રેસના બે કોર્પોરેટર દ્વારા ૨૪ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા પરંતુ બોર્ડનો સમય માત્ર એક જ કલાકનો હોવાથી દર વખતની જેમ એક પ્રશ્નનો જવાબ પણ પૂરો થઈ શક્યો ન હતો. વોર્ડ નંબર ૧૨ ના નગરસેવક મગન સોરઠીયા દ્વારા અમૃત મિશન યોજના અંતર્ગત પાણી પુરવઠા ના થયેલા કામો નો હિસાબ માંગવામાં આવ્યો હતો જેનો ડેપ્યુટી કમિશનર સ્વપિનલ ખરીદ દ્વારા વોર્ડ વાઇઝ ખર્ચ સહિતનો હિસાબ આપવાનું શરૂ કરતાં એક કલાકનો માર્ગ સમય પણ પૂર્ણ થઈ ગયો હતો. પ્રશ્નોત્તરીમાં વશરામ સાગઠીયા દ્વારા જે રીતનો વિરોધ કરવામાં આવ્યો હતો તે બાદ મેરે પણ પ્રશ્નોની ચર્ચા કરો તેમ કહી શાસક પક્ષને આડેહાથ લીધા હતા. વશરામ સાગઠીયાએ સતત વિરોધ કરવાનું ચાલુ રાખ્યું હતું અને અધ્યક્ષના આદેશના પગલે કમાન્ડોએ વશરામભાઈ ને જનરલ બોર્ડની બહાર કાઢી મૂક્યા હતા. મળતી માહિતી મુજબ જનરલ બોર્ડમાં પ્રશ્ન કરી દરમિયાન પ્રથમ પ્રશ્નનો જવાબ આપ્યા બાદ રજૂ થયેલ એજન્ડાની છ દરખાસ્ત ભાજપના કોર્પોરેટરો એ સર્વનું મતે મંજૂર કરી હતી.

એજન્ડામાં રજૂ થયેલ દરખાસ્ત મુજબ મહાનગરપાલિકામાં ફરજ બજાવતા સફાઈ કામદારોને સેવા નિવૃત્તિ આપી તેઓની જગ્યાએ વારસદારોને નિમણૂક આપવા અંગે મ્યુનિસિપલ કમિશનરના પત્ર તથા તે પરત્વનો ઠરાવ ને લક્ષ્યમાં લઇ નિર્ણય લેવા મા આવ્યો હતો તો બીજી તરફ શહેરના વોર્ડ નંબર ૨ રેસકોસ રીંગરોડ અને બહુમાળી ભવન પાસે આવેલા સર્કલનું ક્રાંતિકારી બિરસા મુંડા સર્કલ નામકરણ કરવા માટેની દરખાસ્ત અને ઠરાવને પણ મંજુર કરવામાં આવ્યો. નાયબ કમિશનર ને ₹૧૦,૦૦,૦૦૦ સુધીના ખર્ચ અને કરાર કરવાની સત્તા એનાયત કરવા માં આવી તો બીજી તરફ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા પાર્ટ ટાઈમ હમાલનો પગાર વધારો કરવા અંગે પણ દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી. ત્યારે હાલ જે છ દરખાસ્તો મૂકવામાં આવેલી છે તે તમામને મંજૂર કરી દેવામાં આવી હતી.

વિરોધ પક્ષના નેતા વશરામ સાગઠીયા અને કોમલ ભારાઈ દ્વારા જે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો તેમાં સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જમીન ઠાકરે જણાવ્યું હતું કે આ બોર્ડ બેઠક ચાલી રહી છે નહીં કે કોઈ ફિલ્મનું શૂટિંગ ત્યારે બોર્ડની ગરિમાને જાળવવામાં આવે અને તેની માન મર્યાદા જો સાથે રખાય તો જ બોર્ડ સુચારું રૂપથી ચાલી શકે અને લોકોના પ્રશ્નોનું નિવારણ આવે.

### જનરલ બોર્ડમાં મોબાઈલ ન લઈ જવાનો નિર્ણય પોકળ

ઘણી ઘણી વખત જનરલ બોર્ડમાં એ વાતની ફરિયાદો ઉઠતી હોય છે કે નગરસેવકો દ્વારા ચાલુ બોર્ડ બેઠક દરમિયાન મોબાઈલમાં ગેમ રમતા હોય છે અથવા તો ફોન ઉપર વાત કરતા હોય છે ત્યારે આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ તમામ બોર્ડના સભ્યોએ જનરલ બોર્ડની કામગીરી દરમિયાન મોબાઈલ લઈ જવા પર મનાઈ ફરમાવવામાં આવી હતી જેના માટે સ્ટેન્ડિંગ કમિટીના મીટીંગ રૂમમાં અલગ અલગ બોક્સ બનાવી લાખો રૂપિયાનું આંધણ પણ કરવામાં આવ્યું હતું છતાં આજ દિન સુધી જનરલ બોર્ડમાં મોબાઈલ બોક્સમાં રાખવાની અમલવારી કરવામાં આવી નથી.

### ૭૨ નગરસેવકોમાંથી ૧૩ ગેરહાજર

મહાનગરપાલિકા માં દર બે મહિને જનરલ બોર્ડ યોજાતું હોય છે. ગઈકાલે યોજાયેલા જનરલ બોર્ડમાં ભાજપના અલ્પેશ મોજરીયા, મિતલ લાઠીયા, ભારતી પરસાણા, વર્ષા પાંધી, દર્શિતા શાહ, નેહલ શુક્લ, સુરેશ વસોયા, પ્રદીપ ગૌ સહિતના ૧૧ સભ્યોએ રજા રિપોર્ટ મૂકી ગેરહાજરી નોંધાવી હતી જ્યારે કોંગ્રેસના ચાર પૈકી મકબુલ દાવદાણી ગેરહાજર રહ્યા હતા.

### દરેક નગર સેવકોને બોર્ડ પહેલા કરાયા ચેક

રાજકોટ મહાનગરપાલિકાના જનરલ બોર્ડમાં દર વખતે વિપક્ષ દ્વારા બેનર ફરકાવવામાં આવતા હોય છે અને તેનો વિરોધ કરવામાં આવતો હોય છે ત્યારે બેનરો બોર્ડમાં કઈ રીતે આવે છે તે મુદ્દે શાસક પક્ષ દ્વારા સિક્યુરિટી સાથે અનેક વાર વાતચીત પણ થયેલી છે છતાં તેનો ઉકેલ આવતો ન હતો પરિણામ સ્વરૂપે ગઈકાલની જનરલ બોર્ડ બેઠકની અંદર પ્રવેશતા સત્તા પક્ષના તમામ કોર્પોરેટરો તથા વિપક્ષના કોર્પોરેટરોનું પણ ઝીણવટ પૂર્વક તપાસવામાં આવ્યા હતા છતાં પણ બોર્ડ બેઠકની અંદર વશરામ સાગઠીયા બેનર લઈને આવી પહોંચ્યા હતા જ્યાં માર્શલ દ્વારા તેઓને બોર્ડ બેઠકની બહાર કરવામાં આવ્યા.

### સેશન્સ કોર્ટે આસિસ્ટન્ટ એન્જિનિયર ચૌધરીની જામીન અરજી ફગાવી : આરોપીએ બોગસ દસ્તાવેજો બનાવ્યા, સ્થળ પરની મુલાકાત પણ ન કરી : સ્પેશિયલ પીપી

# TRP અગ્નીકાંડમાં મારી કોઈ ભૂમિકા નથી : જયદીપ ચૌધરી



તુષાર ગોકાણી સ્પે. પીપી | સુરેશ ફળદુ ઉપપ્રમુખ રા.બા.એ. | નીતેષ કથિરીયા એડી. સ્પે. પીપી

રાજકોટ, તા. ૧૯

પુરા ગુજરાતને હચમચાવી દેનાર અને સ્વજનોના હદય દ્રાવક કરૂણ રૂદનથી દેશની જનતાને આંસુ લાવી દેનાર ઘટના કે જેમા છાપાના સમાચારના આધારે નામદાર ગુજરાત હાઈકોર્ટે રજા ના દિવસે સુઓમોટો રીટ દાખલ કરી બીજે જ દિવસે પોલીસ કમીશ્નર તથા મ્યુનીસીપાલ કમીશ્નર સહીત તંત્રોને આડે હાથે લઈ સાડા ચાર કલાક જેનુ હીયરીંગ ચાલેલ હોય તેવી રાજોટ મુકામે ની ટી.આર.પી. અગ્નીકાંડ ની ઘટનામા ૨૭ ના ભોગ લેનાર ગુનાના કામે પકડાયેલ રાજકોટ મહાનગર પાલીકાના આસીસ્ટન્ટ એન્જિનિયર જયદિપ બાલુભાઈ ચૌધરીએ રેગ્યુલર જામીન પર મુક્ત થવા સેસન્સ અદાલતમા કરેલ જામીન અરજી ચાલી જતા જામીન અરજી રાજકોટ ના મહે. એડી. સેસન્સ જજ ડી.એસ.સીઘ સાહેબે નામંજુર કરતો હુકમ ફરમાવેલ છે.

કેસની હકીકત જોઈએ તો ટી.આર.પી. ગેમ ઝોનના સંચાલકો આરોપી ધવલ કોર્પોરેશનના પ્રોપરાઈટર (૧) ધવલ ભરતભાઈ ઠકકર તથા રેસ વે એન્ટરપ્રાઈઝ ના ભાગીદારો (૨) અશોકસીહ જગદીશસીહ જાડેજા (૩) કીરીટસીહ જગદીશસીહ જાડેજા (૪) પ્રકાશચંદ્ર કનૈયાલાલ હીરણ (૫) યુવરાજસીહ હરીસીહ સોલંકી (૬) રાહુલ લલીતભાઈ રાઠોડ તથા તપાસમા ખુલવા પામે તે તમામ સામે ૫૦ મીટર પહોળુ અને ૬૦ મીટર લાંબુ અને બે થી ત્રણ માળ જેટલુ ઉચુ લોખંડ તથા પતરાનુ ફેબ્રીકેશનનુ માળખુ ઉભું કરી ગેમ ઝોન બનાવી તેમા આગ લાગવાની ઘટના બને તો પહોચીવળી આગ રોકી મનુષ્ય જીવનને બચાવી શકાય તેવા કોઈ અસરકારક ફાયર ના સાધનો રાખ્યા વગર કે અગ્નીસમન વિભાગની એન.ઓ.સી. કે પ્રમાણપત્ર મેળવ્યા વગર જોખમી જગ્યામા ગેમ ઝોન ચલાવી તેમા આગ લાગવાનો બનાવ બને તો ગંભીર ઈજાથી લઈ માનવ મૃત્યુ થવાની સતપ્રતિસત સંભાવના હોવાની જાણકારી હોવા છતા ગેમ ઝોન ચાલુ રાખી ૨૭ માનવો ના મૃત્યુ નીપજાવી મહાવ્યથાઓ સાથે આ ગેમ ઝોન માથી નાશી ભાગી નીકળેલ ન હોય તો તેઓના પણ મૃત્યુ સંભવ હતા તેવા જોખમમાં નાખી ગુનો કર્યા અન્વયે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ પી.એસ.આઈ. પ્રજ્ઞેશકુમાર ભીખાભાઈ ત્રાજીયાએ ફરીયાદ આપેલ હતી.

ઉપરોક્ત ગુનાના કામે ધરપકડ પામેલ રાજકોટ મહાનગર પાલીકાના આસીસ્ટન્ટ એન્જિનિયર જયદિપ બાલુભાઈ ચૌધરીએ રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવા રાજકોટ ની સેસન્સ અદાલતમાં જામીન અરજી કરી તેઓ નીદર્દોષ હોવાનુ અને સીધી કે આડકતરી રીતે સંડોવાયેલ ન હોવાનુ, યોગદાન નહી હોવાની કરેલ રજુઆતો સામે સ્પે. પી.પી. તથા એડી. સ્પે. પી. પી. ધ્વારા દલીલો કરેલ અને ભોગ બનનાર પરીવાર વતી વિગતવાર વાંધા રજુ કરી એડવોકેટ સુરેશ ફળદુ સહીતનાઓએ રજુઆત કરેલ કે અરજદારોના પ્રથમ થી જ એફ.આઈ.આરમા નામ છે, સબ ચલતા હૈ ની જેમ આ કિસ્સો મેન મેઈડ ટ્રેજેડીને કિસ્સો છે, ટી.આર.પી. ગેમ ઝોનમા રહેલ ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવાનો હુકમ હોવા છતા કાયદા વિરૂધ્ધ ઈમ્પેકટ ફી ભરવા અરજદારે યાદી કરી આપેલ તથા અન્ય આરોપી સાથે મળી કાવતરુ રચી એકબીજાને મદદગારી કરી ઈમ્પેક્ટ ફી ભરવાના જાવક રજીસ્ટરનો નાશ કરી નવુ રજીસ્ટર બનાવી ઈમ્પેકટ ફી ની ફાઈલ ખોટી રીતના ઈન્વર્ડ કરાવી અરજદાર સહીતનાઓએ એકબીજાને મદદગારી કરી ગુનો આચરેલ હોય અને ટી.આર.પી. ગેમ ઝોનમા ગેરકાયદેસર બાંધકામ તથા ફેબ્રીકેશન ઉભુ કરી બે રોક્ટોક ગેરકાયદેસર ધંધાઓ ૨૦૨૧ થી અરજદાર ચાલવા દેતા હતા તે વખતે અરજદારોના જ્ઞાનમાં હતુ કે અગ્નીસામક વસ્તુઓ સ્થળપર નથી કે તેનો પરવાનો નથી કે જરૂરી લાયસન્સો નથી ગેમઝોનમાં એકસીટ ગેઈટ નથી ગેમઝોનમા બાળકો તથા તેના સબંધીઓ અંદર છે તેવા સમયે વેલ્ડીંગ કરવાથી તેનો તીખારો નીચે રહેલ ઝડપથી અગ્ની પકડી લે તેવી વસ્તુ ઉપર પડવાથી આગ લાગી શકે અને માનવ જીજીંદગી નો અંત આવી શકે તેવા જ્ઞાન સાથે નફાખોરી ના હેતુ થી રહેણાંક ની જગ્યા ઉપર કોમર્શીયલ બીઝનેશ ચલાવવા દેવામાં આવેલ હતો અને વર્ષ દિવસ પહેલા આગ ની ઘટના ઘટેલ છતા ફાયર સેફટી અંગેના પરવાના લીધા વગર માનવ જીંદગી જોખમાય તેમ હોવાની હરેક બાબતો અરજદારના જ્ઞાનમા હતી ગુનાના કામે પ્રિપેરેશન એકટ અને નોલેઝ ની આરોપીઓની હાજરી છે. એડવોકેટ દ્વારા આરોપીની જામીન અરજી નામંજુર કરવી જોઈએ તે માટે લંબાણ પુર્વકની દલીલો કરવામા આવી હતી.

તમામ પક્ષેની રજુઆતો, અધીકારીના સોગંદનામા, ભોગ બનનાર પક્ષેના વાંધાઓ તેમજ સ્પે. પી.પી., એડી. સ્પે પી.પી. અને ભોગ બનનાર પરીવારપક્ષેના વકીલની રજૂઆતો લક્ષે લઈ અરજદારની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરતો હુકમ ફરમાવવામા આવેલ છે. ઉપરોક્ત કામમા ભોગ બનનાર પ્રદિપસીહ ચૌહાણ પરીવાર વતી રાજકોટ બાર એશોશીયેશન વતી ઉપ પ્રમુખ સુરેશ ફળદુ, સ્પે.પી.પી. તુષાર ગોકાણી, એડી. સ્પે.પી.પી. નીતેશ કથીરીયા તથા અન્ય એક ભોગ બનનાર વતી એન.આર.જાડેજા નાઓએ હાજર રહી કાર્યવાહી કરેલ હતી.

# નાગરિક બેંકમાં સહકાર પેનલને ‘વિજય તિલક’

### સંસ્કાર પેનલ ખાતુ ખોલાવવામાં પણ હાંફી

## ૨૮ વર્ષ બાદ યોજાયેલ રાજકોટ નાગરિક બેંકની ૧૫ બેઠકોના પરિણામ જાહેર







રાજકોટ, તા. ૧૯

રાજકોટ નાગરિક બેંક ની ગત રવિવારે યોજાયેલ મતદાનનું ગઈકાલે પરિણામ આવી ગયું છે જેમાં સત્તાધારી સહકાર પેનલનો જંગી લીડ થી વિજય થયો છે. મળતી માહિતી મુજબ ૨૧ ડિરેક્ટરોની ચૂંટણીમાં સહકાર પેનલને છ બેઠકો બિનહરીફ મળ્યા બાદ બાકીની ૧૫ બેઠકો માટે ગત રવિવારે મતદાન થયું હતું જેમાં સરેરાશ ૯૬% મતદાન નોંધાયું હતું. ગઈકાલે રજા સર્કલ પાસે આવેલ નાગરિક બેંક ખાતે મત ગણતરી થઈ હતી જેમાં તમામ ૧૫ બેઠક ઉપર સહકાર પેનલના ઉમેદવારો વિજય બન્યા હતા. મળતી માહિતી મુજબ આ માટે નાગરિક બેંકની ચૂંટણી હાઈ વોલ્ટેજ ચૂંટણી પણ માનવામાં આવતી હતી પરંતુ એક તરફી આ ચૂંટણીમાં સહકાર પેનલ નો સંસ્કાર પેનલ સામે વિજય થયો હતો.

મહિલા અનામત બેઠકોની જો વાત કરવામાં આવે તો સહકાર પેનલના બંને મહિલા ઉમેદવારો જ્યોતિબેન ભટ્ટ અને કિર્તીબેન જાદવનો વિજય થયો છે. સહકાર પેનલના જ્યોતિબેન ભટ્ટને ૩૨૦ માંથી ૨૯૦ અને કીર્તિબેન જાદવને ૨૮૬ મત મળ્યા હતા જ્યારે સંસ્કાર પેનલના દીનાબેન બોઘાણીને માત્ર ૩૮ મત જ મળ્યા. આ ઉપરાંત મળતી માહિતી મુજબ અન્ય ૧૩ બેઠકોની મતગણતરીમાં પણ સહકાર પેનલના ઉમેદવારોનો ઝળહળતો વિજય થયો હતો અને તમામ ૧૫ બેઠકો ઉપર સહકાર પેનલનો ભવ્ય વિજય પણ થયો હતો. સંસ્કાર પેનલનું ખાતું પણ ખોલ્યું ન હતું. રાજકોટ નાગરિક બેંકમાં ૨૮ વર્ષ બાદ ચૂંટણી યોજાઈ હતી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના બે જૂથ જ્યોતિન્દ્ર મહેતા તથા તેના ભાણેજ સામસામે પેનલોમાંથી ચૂંટણી લડ્યા હતા પરિણામે આ ચૂંટણી અત્યંત રોમાંચક બની હતી.

સંસ્કાર પેનલે રેટ પીટીશન દાખલ કરી હતી કે ગમે તેમ કરીને જે ચૂંટણી છે તે ન થાય પરંતુ કોર્ટે પણ એ અરજીને ગ્રાહ્ય રાખી ન હતી. ગઈકાલે જે પરિણામો આવ્યા તેમાં દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ ગયું અને મતદારોએ સહકાર પેનલને સમર્થન આપ્યું હતું. સહકાર પેનલના ઉમેદવારોને રાજકોટ શહેરના ૧૯૯ માંથી સરેરાશ ૧૫૦ કરતા વધુ મત મળ્યા હતા ત્યારે સંસ્કાર પેનલના એક પણ ઉમેદવારને પુરા ૪૦ મત પણ મળ્યા નથી. ગુજરાતના પ્રથમ વખત કોઈ મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવ બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટરની ચૂંટણી માટે મતદાન યોજાયું હતું જે શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયું છે. બેંકના ડેલિકેટ મતદારોએ ગુસ્સાપૂર્વક મતદાન કર્યું હતું.

મળતી માહિતી મુજબ શહેરી વિસ્તારની ૧૧ બેઠકો ઉપર સંસ્કાર પેનલના ઉમેદવારો લડતા હોવાથી તમામ ૧૧ બેઠકોના પરિણામો ઉપર દરેકની નજર મંડાણી હતી પરંતુ આ ૧૧ બેઠકો ઉપર પણ સંસ્કાર પેનલ ખાસ કાંઈ કરી શકી નહીં એટલું જ નહીં મતદારોએ આ જૂથને જાકારો પણ આપ્યો હતો. સંસ્કાર પેનલ દ્વારા નાગરિક બેંકમાં કથિત કૌભાંડો કર્યા હોવાની એક નહીં અનેક વાતો અને રજૂઆતો કરવામાં આવી હતી પરંતુ મતદારો પર તેની અસર નકારાત્મક જોવા મળી અને મતદારોએ સહકાર પેનલને વિજય બનાવી.

### સંઘની વિચારધારા અને શિસ્તનો વિજય : જિમ્મી દક્ષિણી



રાજકોટ નાગરિક બેંકનું કઉન્ટિંગ પૂર્ણ થઇ ચૂક્યુ છે અને સહકાર પેનલ અપેક્ષા મુજબ વિજય મેળવ્યો છે ત્યારે નાગરિક સહકારી બેંકના જિમ્મી દક્ષિણીએ જણાવ્યું હતું કે, બેંક સંઘની વિચારધારાને સમર્પિત છે. એટલું જ નહીં આ બેંક નાના અને મધ્યમ વર્ગ માટે હંમેશા ખેવના કરતી હોય છે. ત્યારે જે પરીણામો આવ્યા તેનાથી એકવાર ફરી વિશ્વાસ વધ્યો છે. કારણ કે, આ જીત શિસ્ત અને અનુશાસનની સાથોસાથ નિશ્વાર્થ સેવાની છે. ત્યારે આવનારા દિવસોમાં બેંકને એક આગવી ઓળખ અપાવવા અને સફળતાના સર્વોચ્ચ શિખર સર કરવા માટે તમામ સંભવતઃ પ્રયત્નો કરવામાં આવશે અને બેંકના લોકોને અને ખાતેદારોનો પણ વિકાસ થાય તે માટે બેંક હરહંમેશ કાર્યશીલ રહેશે.

### સહકાર પેનલના ઉમેદવારોને મળેલા મત

- હસુભાઈ ચંદારાણા ૧૫૬
- માધવ દવે ૧૫૮
- ચંદ્રેશ ધોળકિયા ૧૫૭
- અશોક ગાંધી ૧૫૨
- બ્રિજેશ મલકાણ ૧૫૦
- દેવાંગ માકડ ૧૬૦
- નરસિંહ મેઘાણી ૧૫૧
- કલ્પેશ પંચાસરા ૧૫૪
- વિક્રમસિંહ પરમાર ૧૫૧
- જીવણભાઈ પટેલ ૧૫૪
- દિનેશ પાઠક ૧૫૪
- ચિરાગ રાજકોટિયા ૧૪૮
- ભૌમિક વ્યાસ ૧૫૦
- જ્યોતિબેન ભટ્ટ ૨૯૦
- કિર્તીબેન જાદવ ૨૯૬